RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 092
Dt.: 06-02-2026,
Friday
Page:04
Rs.00.50 paisa



### કેટલાક જીવિત મતદારોને પણ ચૂંટણી પંચે મૃત ઘોષિત કરી દીધા

# નામમાં સ્પેલિંગ મિસ-મેચ બાબતે ચૂંટણી પંચને સંવેદનશીલ રહેવા સુપ્રીમનો નિર્દેશ

### સુપ્રીમ કોર્ટમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ SIR મામલે 'પાર્ટી ઈન પર્સન' હાજરી આપી રજૂઆત કરી




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન)ની કાર્યવાહી સામે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી છે. મમતા બેનરજીએ આ કેસમાં 'પાર્ટી ઈન પર્સન' હાજરી આપી પશ્ચિમ બંગાળમાં મતદારોને પડી રહેલી હાલાકી અંગે રજૂઆત કરતા કહ્યું હતું કે, નામના સ્પેલિંગમાં સાધારણ મિસ-મેચ જેવી તાર્કિક વિસંગતતાઓના પગલે નોટિસો આપવામાં આવે છે. સ્પેલિંગ મિસ-મેચ જેવા કિસ્સામાં ચૂંટણી પંચના અધિકારીઓને સંવેદનશીલ રહીને કાર્યવાહી કરવા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા હતા.મમતા બેનરજીએ સુપ્રીમ કોર્ટમાં દાવો કર્યો હતો કે, માઈક્રો-ઓબઝર્વર્સે SIRની પ્રક્રિયાનો દોર હાથાંલીધો છે અને મતદારોના નામ કમી કરી રહ્યા છે. જેના કારણે ERO (ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર) પાસે કોઈ સત્તા રહેતી નથી. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ કેસની સુનાવણી દરમિયાન પશ્ચિમ બંગાળ સરકારને ખાતરી આપી હતી કે, જરૂરિયાત જણાશે તો આ કેસમાં દરેક દસ્તાવેજ પર બૂથ લેવલ ઓફિસરની સહી ફરજિયાત રાખવાનો હુકમ કરવામાં આવશે, કારણ કે તેઓ સાચા અધિકૃત અધિકારી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમલય બાગચી અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેન્ચ દ્વારા પશ્ચિમ બંગાળમાં SIRની કાર્યવાહી સંદર્ભે ચાર પીટિશનની સુનાવણી ચાલી રહી છે. જેમાં છેલ્લી પીટિશન મમતા બેનરજીની છે, જેમણે 28 જાન્યુઆરીએ પીટિશન ફાઈલ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, અસ્પષ્ટ, ગેરબંધારણીય અને ઉતાવળે કાર્યવાહી થઈ રહી છે અને ચૂંટણી પંચ ગેરકાયદે કાર્યવાહી કરી રહ્યું છે. તાર્કિક વિસંગતતાઓ હોવા છતાં અનેક મતદારોને 'અનમેપ્ડ' યાદીમાં મૂકી દેવાયા છે. લગ્ન બાદ નામ અને સરનામામાં પરિવર્તન આવ્યું હોય તેવી મહિલાઓને પણ ચૂંટણી પંચે નોટિસ મોકલી છે. કેટલાક જીવિત મતદારોને પણ ચૂંટણી પંચે મૃત ઘોષિત કરી દીધા છે. વધુમાં મમતા બેનરજી તરફથી રજૂઆત થઈ હતી કે, ચૂંટણી પંચે નોટિસ મોકલી હોય તેવા 50 ટકાથી વધુ કેસમાં તાર્કિક વિસંગતતાઓ જવાબદાર છે. સગીરના નામમાં મિસમેચ હોય અથવા સ્પેલિંગ અલગ હોય તો પણ નોટિસ અપાઈ છે. આ પ્રકારના કિસ્સાઓમાં વેરિફિકેશનનો સમય ઓછો હોવાથી સાચા મતદારોના નામ કમી થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે આ પ્રકારની વિસંગતતાઓ નિવારવા માટે પશ્ચિમ બંગાળ સરકારને અધિકારીઓની નિમણૂક કરવા અને ચૂંટણી પંચને મદદરૂપ થવાના નિર્દેશ આપ્યા હતા.

### લોકસભા સ્પીકર ઓમ બિરલાનો મોટો દાવો

# PM મોદી સાથે કંઈ પણ થઈ શક્યું હોત, મેં જ લોકસભામાં આવતા અટકાવ્યા

### લોકસભાના સ્પીકરે દાવો કરતા કહ્યું કે, આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે કોંગ્રેસના સાંસદો પીએમ પર શારીરિક હુમલો કરી શકતા હોત



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભાના સ્પીકર ઓમ બિરલાનું કહેવું છે કે, તેમણે જ વડાપ્રધાનને સંસદમાં આવવાની મનાઈ કરી હતી. તેમણે મોટો દાવો કરતા કહ્યું કે, આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે કોંગ્રેસના સાંસદો તેમના પર શારીરિક હુમલો કરી શકતા હોત. આ દરમિયાન હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી શુક્રવાર સુધી સ્થગિત કરવામાં આવી છે. સ્પીકરે કહ્યું કે, જો કોઈ ઘટના બની હોત તો લોકશાહીની ગરિમા ખરડાઈ હોત. તેનાથી બચવા માટે મેં પીએમને વિનંતી કરી કે, તેઓ ગૃહમાં જ ન આવે.

આખરે તેમના ભાષણ વિના જ આભાર પ્રસ્તાવને મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ અંગે વાત કરતા ભાજપના સાંસદ અપરાજિતા સારંગીએ કહ્યું કે, તે વાત સાચી છે કે પીએમ મોદીની સુરક્ષા ખતરામાં હતી. તેથી અમે આભારી છીએ કે લોકસભા સ્પીકરે બુધવારે પીએમ મોદીને સંસદમાં આવતા અટકાવ્યા.

જ્યારે આ અંગે પ્રિયંકા ગાંધીને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, આવી વાતો ખોટી છે. તેમણે કહ્યું કે, જો ત્રણ મહિલા સાંસદો પીએમ નરેન્દ્ર મોદીની નજીક ઉભી રહે છે, તો તેઓ ખતરો અનુભવે છે. આ કેવા પ્રકારની વાત છે? એટલું જ નહીં, તેમણે મીડિયા કર્મચારીઓને પણ પ્રશ્ન કર્યો કે, તેમણે અમિત શાહ કે મોદીને કેમ પૂછ્યું નહીં કે વિપક્ષના નેતાને શા માટે બોલવા દેવામાં આવ્યા નથી. રાહુલ ગાંધીને સંસદમાં બોલતા અટકાવવાનો આધાર શું હતો? તેઓ આ વિશે શું કઈ કહેશે? તેમણે કહ્યું કે, શું તમે સરકારને કોઈ પ્રશ્ન પૂછી શકો છો?

લોકસભા સ્પીકરએ સંસદના કાર્યવાહી શુક્રવાર સુધી સ્થગિત રાખવાની જાહેરાત કરી. આ ઉપરાંત તેમણે વધુમાં કહ્યું કેસ બુધવારે જે બન્યું તે ખૂબ જ અણધાર્યું હતું. તેમણે કહ્યું કે, લોકસભામાં વિપક્ષના કેટલાક સાંસદોનું જે વર્તન હતું, તે લોકસભાના ઈતિહાસમાં કાળા ડાઘ તરીકે નોંધાયું છે. તેમણે કહ્યું કે, જે પ્રકારનું વર્તન થયું તે અણધાર્યું હતું.

આવું વાતાવરણ ગૃહમાં ન થવું જોઈએ અને બધા લોકોએ કાર્યવાહી ચલાવવામાં સહયોગ આપવો જોઈએ.

તેમણે કહ્યું કે, કોંગ્રેસ દ્વારા પીએમ મોદી વિરુદ્ધ કંઈક ખોટું કરવાની યોજના બનાવવામાં આવી રહી હતી. તેથી જ અમે રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચા માટે તેમનું જવાબી ભાષણ મુલતવી રાખ્યું. તેમની સ્પીચ વગર જ આભાર પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો. નોંધનીય છે કે, ૨૦૦૪ પછી આ પહેલી વાર છે જ્યારે વડાપ્રધાન રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચાનો જવાબ આપી શક્યા ન હતા અને તેમના ભાષણ વિના આભાર પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો. રવિશંકર પ્રસાદે કહ્યું કે, આખરે આ લોકો શું ઈચ્છે છે? પીએમનો રસ્તો રોકવામાં આવે અને તેમને ઘેરી લેવામાં આવે. આ શું છે? લોકસભા આખરે શા માટે છે? દરેક લોકો દુઃખી છે, જે સ્તરે આ લોકો સંસદમાં પહોંચાડ્યા છે. સ્પીકરે આજે પોતાની વ્યથા વ્યક્ત કરી છે.

### ૫૦ વર્ષમાં પહેલીવાર હવે કોઈ નિયમ નહીં

# રશિયા-અમેરિકા વચ્ચે પરમાણુ કરારનો અંત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયા અને અમેરિકા વચ્ચે પરમાણુ શસ્ત્રો પરની છેલ્લી મોટી કાનૂની મર્યાદા હવે ખતમ થઈ ગઈ છે. આજે એટલે કે, ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ 'ન્યૂ સ્ટાર્ટ' સંધિની મુદત પૂરી થઈ ગઈ છે. લગભગ ૫૦ વર્ષમાં પ્રથમ વખત એવું બન્યું છે કે બંને દેશોના વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો, જેમ કે આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલો, સબમરીન લોન્ચ મિસાઈલો અને બોમ્બર પર કોઈ બંધનકર્તા મર્યાદા કે નિયમ રહ્યો નથી. આ ઘટનાથી વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની નવી સ્પર્ધા શરૂ થવાનો ખતરો વધી ગયો છે. ન્યૂ સ્ટાર્ટ સંધિ પરમાણુ શસ્ત્રોની સ્પર્ધાને રોકવા માટે ૨૦૧૦માં કરવામાં આવેલો એક ઐતિહાસિક કરાર હતો. ૨૦૧૦માં તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને રશિયન રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે આના પર હસ્તાક્ષર કર્યા હતા. આ સંધિ ૨૦૧૧માં અમલમાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય એવા વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોની તૈનાતી મર્યાદિત કરવાનો હતો. જે કોઈ દેશના મુખ્ય રાજકીય, સૈન્ય અને ઔદ્યોગિક ઠેકાણાઓને નિશાન બનાવવા સક્ષમ હોય.૨૦૨૩ માં રશિયાએ યુક્રેન યુદ્ધમાં અમેરિકાની મદદને કારણભૂત ગણાવીને આ સંધિમાં ભાગ લેવાનું (જેમ કે નિરીક્ષણ) બંધ કરી દીધું હતું. આજે, ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ આ સંધિ સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગઈ છે. હવે બંને દેશો પોતાની ઈચ્છા મુજબ પરમાણુ શસ્ત્રો વધારવા માટે સ્વતંત્ર છે.રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે, તે હવે ન્યૂ સ્ટાર્ટ સંધિથી બંધાયેલું નથી. રશિયન વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકાએ રાષ્ટ્રપતિ પુતિનના તે પ્રસ્તાવનો જવાબ આપ્યો નથી. જેમાં બંને દેશોને વધુ ૧૨ મહિના સુધી સંધિની મર્યાદાઓનું પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર એ આને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે "ગંભીર ક્ષણ" ગણાવી છે.નવી શસ્ત્ર સ્પર્ધાઃ રશિયા અને અમેરિકા બંને મિસાઈલોની સંખ્યા વધારવા અને વધારાના વોરહેડ્સ તૈનાત કરવા માટે મુક્ત છે.ચીનનું પરિબળઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ સંકેત આપ્યો હતો કે ભવિષ્યમાં કોઈપણ પરમાણુ વાટાઘાટોમાં ચીનને સામેલ કરવું જોઈએ.

### બિહારનો અનોખો કિસ્સોઃ એક ગામના તમામ બ્રાહ્મણો સામે FIR, ૧૨ની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના દરભંગા જિલ્લાના એક ગામમાં અજીબોગરીબ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કુશેશ્વરસ્થાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા હરિનગર ગામમાં જમીન અને પૈસાની લેણદેણના વિવાદમાં એક વ્યક્તિએ ગામના આખા બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ મામલામાં અશર્ફી પાસવાન નામની વ્યક્તિએ અંદાજે ૭૦ બ્રાહ્મણ સામે નામજોગ અને ૧૫૦ અજાણ્યા લોકો સામે એફઆઈઆર નોંધાવી છે. એટલે કે એક જ ઝાટકે આખા ગામના બ્રાહ્મણો સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે.આ ઘટનાની વિગતો મુજબ અશરફી પાસવાને પોલીસ ફરિયાદ કરી છે કે, આ મૂળ વિવાદ ૨૦૧૫માં શરૂ થયો હતો. મારા ભાઈ કૈલાશ પાસવાને એક મકાન બાંધકામના બાકી નીકળતા રૂ. ૨.૫ લાખ હેમંત ઝાને ચૂકવવાના થતા હતા. આ બાકી રકમની માંગણીને લઈને ૩૧ જાન્યુઆરીની રાત્રે અથડામણ થઈ હતી, જેમાં મહિલાઓ અને એક છોકરીને ગંભીર ઈજા થઈ હતી.

આ ઘટના બાદ અશર્ફી પાસવાને ૭૦ બ્રાહ્મણ સામે નામજોગ અને ૧૫૦ અજાણ્યા લોકો વિરુદ્ધ એસસી-એસટી એક્ટ હેઠળ ગંભીર આક્ષેપો સાથે કેસ નોંધાવ્યો છે. તેમનો આક્ષેપ છે કે આખા ગામના લોકોએ એકઠા થઈને અમારા પર હુમલો કર્યો છે અને અમારું સતત શોષણ પણ કર્યું છે.

આ મામલામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે, જે બ્રાહ્મણોના નામ એફઆઈઆરમાં છે, તેમાંથી અનેક લોકો ગામમાં છે જ નહીં. તેઓ દેશના અલગ-અલગ શહેરોમાં મજૂરી કે નોકરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે.

પોલીસ તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે, ૩૧ જાન્યુઆરીએ થયેલી મારામારીમાં ૧૦થી વધુને ઈજા થઈ હતી. આ ઘટનામાં પોલીસે ૧૨ લોકોની અટકાયત કરી પૂછપરછ કરી છે. હાલ ગામમાં ભારે તણાવની સ્થિતિ છે, જેને જોતા સુરક્ષા પણ વધારાઈ છે. નેશનલ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ પણ સોશિયલ મીડિયા પર આ ઘટનાની વિગતો શેર કરી છે.

# ભારત કોની પાસેથી ઓઈલ ખરીદશે તે કોઈ ત્રીજો દેશ નક્કી નહીં કરેઃ કેન્દ્ર સરકારે ડોનાલ્ડ ટ્રમ્પને સંભળાવ્યું

### ભારત કોઈ પણ દેશના દબાણમાં આવ્યા વગર ઊર્જા જરૂરિયાતો અને દેશહિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયા પાસેથી તેલ ખરીદવા બાબતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા દાવા પર ભારત સરકારે અત્યંત કડક અને સ્પષ્ટ શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે સાફ કરી દીધું છે કે ભારત કોઈ પણ દેશના દબાણમાં આવ્યા વગર પોતાની ઊર્જા જરૂરિયાતો અને દેશહિતને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેશે. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત હવે રશિયાના બદલે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદશે. જેના જવાબમાં ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ૧૪૦ કરોડ ભારતીયોની 'એનર્જી સિક્યોરિટી' સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારતે સ્પષ્ટ કર્યું કે અમે ક્યાંથી તેલ ખરીદવું તે બજારની સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય ગતિશીલતાના આધારે નક્કી કરીશું. અમેરિકન પ્રમુખના નિવેદન બાદ ઊભા થયેલા સવાલોના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પશ્ચિમી દેશોને આયનો બતાવતા કહ્યું કે, "સરકારે અગાઉ પણ અનેકવાર જાહેર કર્યું છે કે ભારતની પ્રાથમિકતા તેના નાગરિકોની સુરક્ષા છે. અમે તેલના સ્ત્રોતોમાં વિવિધતા લાવવાની રણનીતિ પર કામ કરીએ છીએ, પરંતુ આ તમામ નિર્ણયો ભારતની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને લેવામાં આવ્યા છે અને લેવામાં આવશે."

ભારત સરકારે આડકતરી રીતે એવો સંદેશ આપ્યો છે કે રશિયા હોય કે વેનેઝુએલા, ભારત કોની સાથે વેપાર કરશે તે કોઈ ત્રીજો દેશ નક્કી કરી શકે નહીં. રણધીર જયસ્વાલે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ બદલાતી રહે છે, પરંતુ અમારી વ્યૂહરચનાના મૂળમાં ભારતની ઊર્જા સુરક્ષા જ રહેશે. આ નિવેદન ટ્રમ્પ પ્રશાસન માટે એક સ્પષ્ટ સંકેત માનવામાં આવે છે કે ભારત પોતાની વિદેશ નીતિ અને વેપાર નીતિમાં કોઈ પણ પ્રકારની દખલગીરી સહન કરશે નહીં.




# UPSC New Rule: IAS, IPS, IFS ને પરીક્ષાની બીજી તક નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સેવા પરીક્ષા ૨૦૨૬નું નોટિફિકેશન જાહેર કરતા પાત્રતા નિયમો અને અટેમ્ટ સાથે જોડાયેલી જોગવાઈઓમાં મહત્વના ફેરફાર કર્યા છે. આ વખતે ખાસ કરીને પહેલાથી પસંદ થયેલા કે નિમણૂંક પામેલા ઉમેદવારો માટે સ્પષ્ટ અને કડક દિશાનિર્દેશ જારી કરવામાં આવે છે. આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ જેવી સેવાઓમાં પહેલાથી કાર્યરત ઉમેદવારોને બીજીવાર પરીક્ષા આપવા, સેવા બદલવા અને પરીક્ષા આપવાની જોગવાઈમાં નવી શરતો નક્કી કરવામાં આવી છે. પંચે તે પણ સ્પષ્ટ કર્યું કે ક્યા ઉમેદવાર આગળની પરીક્ષાના તબક્કામાં બેસી શકશે અને કોણ વંચિત રહી જશે. આ પરીક્ષા દ્વારા IAS, IPS, IFS, IRS સહિત ઘણા ગ્રુપ A અને B સેવાઓની ભરતી થશે. કુલ ૯૩૩ જગ્યા ભરવામાં આવશે. ઈચ્છુક ઉમેદવાર સત્તાવાર વેબસાઈટના માધ્યમથી ૨૪ ફેબ્રુઆરી સુધી અરજી કરી શકશે.

નવા નિયમો અનુસાર જે ઉમેદવાર પહેલાની પરીક્ષાના આધાર પર આઈએએસ કે આઈએફએસમાં નિમણૂંક લઈ ચુક્યા છે અને સેવામાં કાર્યરત છે, તે CSE ૨૦૨૬મા સામેલ થઈ શકશે નહીં. જો કોઈ ઉમેદવારની નિમણૂંક પ્રિલિમ્સ પરીક્ષા બાદ પરંતુ મુખ્ય પરીક્ષા પહેલા થાય છે તો તે મેન્સ પરીક્ષા આપી શકશે નહીં. તો મેન્સ પરીક્ષા બાદ અને ફાઈનલ પરિણામ પહેલા નિમણૂંક થવા પર પણ તેને નવી પરીક્ષાના આધાર પર સેવા ફાળવણી મળશે નહીં.

આ વખતે આઈપીએસને લઈને નિયમ વધુ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. જે ઉમેદવારની પહેલાથી આઈપીએસમાં પસંદગી થઈ છે કે નિમણૂંક મળી છે, તેને CSE ૨૦૨૬ ના પરિણામના આધાર પર બીજીવાર આઈપીએસ આપવામાં આવશે નહીં. એટલે કે તે ફરી આઈપીએલ કેડર પસંદ કરવા માટે પાત્ર હશે નહીં.

જે ઉમેદવાર CSE ૨૦૨૬ દ્વારા આઈપીએસ કે અન્ય ગ્રુપ એ સેવા મેળવે છે અને તે ૨૦૨૭મા ફરી પરીક્ષા આપવા ઈચ્છે છે તો તેણે સંબંધિત વિભાગમાંથી એકવારની તાલીમની છૂટ લેવી પડશે. તે ફાઈન્ડેશન કોર્સ ટાળી શકે છે, પરંતુ મંજૂરી વગર તાલીમ છોડવા પર સેવા ફાળવણી રદ કરવામાં આવશે.

CSE ૨૦૨૫ કે તે પહેલા પસંદ થયેલા ઉમેદવારોને એક વિશેષ તક આપવામાં આવી હતી. તે રાજીનામું આપ્યા વગર CSE ૨૦૨૬ કે ૨૦૨૭માંથી કોઈ એક પરીક્ષામાં બેસી શકે છે. પરંતુ ૨૦૨૮ કે ત્યારબાદ પરીક્ષા આપવા માટે સેવામાંથી રાજીનામું જરૂરી હશે. નવા નિયમોથી વારંવાર પ્રયાસ અને સેવા ફેરફારની પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત અને કડક બનાવવામાં આવી છે.

# તંત્રી લેખ......

## ઈસ્લામિક વિશ્વમાં બદલાતા સમીકરણોને કારણે ભારતે સતર્ક રહેવાની જરૂર છે

પશ્ચિમ અને દક્ષિણ એશિયાનું સુરક્ષા સ્થાપત્ય હાલમાં ગહન, પરંતુ પ્રમાણમાં શાંત, પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. તેના મૂળમાં, આ બાબત વિચારધારા કરતાં ભૂરાજકીય વાસ્તવિકતાઓ, આર્થિક ગણતરીઓ અને પ્રાદેશિક શક્તિઓની વધતી જતી સ્વ-નિર્ભરતામાં વધુ મૂળ ધરાવે છે. અમેરિકાની ઘટતી સુરક્ષા ભૂમિકા, યુરોપના આંતરિક વિભાજન અને વૈશ્વિક સત્તા સંતુલનમાં પરિવર્તનને કારણે પ્રાદેશિક દેશોએ પોતાની સુરક્ષા જવાબદારીઓ સ્વીકારી છે.

લાંબા સમયથી, પશ્ચિમ એશિયાની સુરક્ષા વ્યવસ્થા અમેરિકન નેતૃત્વ અને ગેરંટી પર આધાર રાખતી હતી, પરંતુ ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદ પછી, યુએસ નીતિ વધુ વ્યવહારિક અને અનિશ્ચિત બની ગઈ છે. આનાથી પરંપરાગત સાથીઓને ખ્યાલ આવ્યો છે કે કટોકટીના સમયમાં અમેરિકન હસ્તક્ષેપ હવે સ્વયંભૂ રહેશે નહીં. યુક્રેન યુદ્ધ અને ઉર્જા સંકટને કારણે યુરોપ પણ આ ક્ષેત્રમાં અસરકારક સુરક્ષા ભૂમિકા ભજવી શકતું નથી. પરિણામે, પ્રાદેશિક શક્તિઓ વૈકલ્પિક સુરક્ષા વ્યવસ્થા શોધી રહી છે. આ બદલાતા લેન્ડસ્કેપમાં એક વલણ પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કી વચ્ચે ઉભરતી નિકટતા છે, જેને "ઈસ્લામિક નાટો" પણ કહેવામાં આવે છે.

પાકિસ્તાને લાંબા સમયથી સાઉદી અરેબિયા સાથે સંરક્ષણ સહયોગ જાળવી રાખ્યો છે, પરંતુ તાજેતરના વર્ષોમાં, આ સંબંધને વ્યાપક વ્યૂહાત્મક માળખામાં પરિવર્તિત કરવાના પ્રયાસો વધુ તીવ્ર બન્યા છે. તેનો ઉદ્દેશ્ય સાઉદી સંસાધનો અને તુર્કીની સંરક્ષણ ટેકનોલોજીને જોડીને એક સુરક્ષા જૂથ બનાવવાનો છે જે યુનાઈટેડ સ્ટેટ્સ પર તેની નિર્ભરતા ઘટાડી શકે. જો કે, આ પ્રસ્તાવિત ધરી તેના રાજકીય વાણીક શબ્દો સૂચવે છે તેટલી મજબૂત નથી. પાકિસ્તાનનું અર્થતંત્ર ભયંકર સંકટમાં છે, અને તેની પ્રાદેશિક વિશ્વસનીયતા ઘટી રહી છે. ભારત સાથેનો તેનો સંઘર્ષ ફક્ત પ્રાદેશિક જ નહીં પરંતુ વૈચારિક પણ છે, જેનું કેન્દ્ર તેની લશ્કરી સ્થાપના "બે-રાષ્ટ્ર સિદ્ધાંત" ના રૂપમાં જાળવી રાખે છે.

પાકિસ્તાને આ વૈચારિક માળખા દ્વારા મુસ્લિમ વિશ્વમાં સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ વ્યવહારમાં, તેને વારંવાર સમજાયું છે કે ધાર્મિક એકતા પોતે જ સ્થાયી વ્યૂહાત્મક સમર્થનની ખાતરી આપતી નથી. સાઉદી અરેબિયા તેની સુરક્ષા જરૂરિયાતોને વૈવિધ્યીકરણ કરી રહ્યું છે. તેના યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, ભારત અને પ્રાદેશિક શક્તિઓ સાથે સમાંતર સંબંધો છે. ભારતમાં તેના નોંધપાત્ર આર્થિક હિતો છે. તુર્કી, નાટો સભ્ય રહીને, સ્વતંત્ર પ્રાદેશિક ભૂમિકા ભજવવાનો પણ પ્રયાસ કરી રહ્યું છે, આ પ્રસ્તાવિત ધરીમાં વિરોધાભાસ પેદા કરી રહ્યું છે. સાઉદી અરેબિયા અને તુર્કી બંને મુસ્લિમ વિશ્વમાં નેતૃત્વની ઈચ્છા રાખે છે, જે તેમને સાથીઓ કરતાં વધુ સ્પર્ધકો બનાવે છે. કદાચ આ જ કારણ છે કે તેણે સાઉદી-પાકિસ્તાન લશ્કરી જોડાણમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો.

સાઉદી અરેબિયા અને પાકિસ્તાનની સમાંતર, ભારત, સંયુક્ત આરબ અમીરાત અને ઈઝરાયલ વચ્ચે બીજી વ્યૂહાત્મક ભાગીદારી ઉભરી રહી છે. આ ભાગીદારી સહિયારી સુરક્ષા ચિંતાઓ અને તકનીકી ક્ષમતાઓ પર આધારિત છે. સંરક્ષણ, ગુપ્તચર, દરિયાઈ સુરક્ષા, સાયબર સુરક્ષા અને અવકાશ જેવા ક્ષેત્રોમાં સહયોગ ધીમે ધીમે ગાઢ બની રહ્યો છે. યુએઈનો અભિગમ વૈચારિક નેતૃત્વ કરતાં સ્થિરતા, અવરોધ અને આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. યમનથી લઈને આફ્રિકાના હોર્ન સુધી, યુએઈએ તેના સુરક્ષા હિતોને સ્વતંત્ર રીતે વ્યાખ્યાયિત કરવાની તૈયારી દર્શાવી છે, ભલે તેનો અર્થ પરંપરાગત સાથીઓથી અલગ થવું હોય. ઈઝરાયલ સાથે સામાન્યીકરણથી યુએઈને પ્રાદેશિક સુરક્ષા માળખામાં એક નવું સ્થાન મળ્યું છે. આ ભાગીદારી ભારત માટે વ્યૂહાત્મક અને મનોવૈજ્ઞાનિક બંને સ્તરે મહત્વપૂર્ણ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં પરસ્પર વિરોધી ચાલઃ સોનાનો વાયદો રૂ.૧૪૫૬ તેજ, ચાંદીનો વાયદો રૂ.૧૬૯૫૫ નરમ

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૭૭ લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૬૩૦.૧૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૪૬૩૭.૨૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૮૪૨૫.૮૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૮૧૭ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૯૨૬૯.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૬૩૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૪૬૩૭.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૮૧૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૩૫૯.૪૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૮૪૨૫.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૨૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૫૦૦ અને નીચામાં રૂ.૧૪૭૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૨૪૪ના આગલા બંધ સામે રૂ.૧૪૫૬ વધી રૂ.૧૫૦૭૦૦ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૦૧ ઘટી રૂ.૧૨૫૦૯૯ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૪ ઘટી રૂ.૧૫૫૭૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૭ વધી રૂ.૧૪૯૭૫૦ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૯૪૯ અને નીચામાં રૂ.૧૪૬૬૦૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૯૬૨ના આગલા બંધ સામે રૂ.૧૯૧૫ ઘટી રૂ.૧૫૪૦૪૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૮૦૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૮૦૯૬ અને નીચામાં રૂ.૨૩૯૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૮૫૦ના આગલા બંધ સામે રૂ.૧૬૯૫૫ ઘટી રૂ.૨૫૧૮૯૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૭૫૯ ઘટી રૂ.૨૫૯૦૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૯૧૯ ઘટી રૂ.૨૫૯૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૯૯.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૯.૬ ઘટી રૂ.૧૨૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭૫ ઘટી રૂ.૩૧૯.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૩૦૭.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૮૫ પૈસા ઘટી રૂ.૧૮૯.૮ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૯૯.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૪૭ અને નીચામાં રૂ.૩૨૭૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૭ ઘટી રૂ.૩૩૩૩ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૩૧ અને નીચામાં રૂ.૫૭૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮૯૧ના આગલા બંધ સામે રૂ.૭૭ ઘટી રૂ.૫૮૧૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૬ ઘટી રૂ.૫૮૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો




એમએમબીટીયુદીઠ રૂ.૨.૪ ઘટી રૂ.૩૧૨.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૪ ઘટી રૂ.૩૧૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૧ના ભાવે ખૂલી, રૂ.૨.૪ વધી રૂ.૯૮૩ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૨૧૦ વધી રૂ.૨૬૧૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૦ના ભાવે ખૂલી, રૂ.૧૮ ઘટી રૂ.૨૫૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૯૦૮.૧૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૫૧૭.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૪૫૩.૮૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૫.૫૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૩૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૭૨.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૦૦.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૮૮.૩૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૫૦૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૬૬૧૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૨૩૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૧૫૭૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૫૩૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૪૪૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૯૧૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૧૫૦૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૧૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૫૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫૬૧૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૯૫૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૪૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૩૨૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૧૩ પોઈન્ટ ઘટી ૩૭૮૧૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧.૨ ઘટી રૂ.૨૪૪.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૨૯.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૬.૫ ઘટી રૂ.૧૦૩૭૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૨૪૪ ઘટી રૂ.૧૪૩૦૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૫ ઘટી રૂ.૩૬.૯૯ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૧ ઘટી રૂ.૨.૫ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૪૫ ઘટી રૂ.૨૫૧.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૩૧.૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧ ઘટી રૂ.૯૮૬૮.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩૧૪ ઘટી રૂ.૧૫૬૦૩.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૨ વધી રૂ.૨૩૨.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૨૭.૨૫ થયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૯.૫ વધી રૂ.૭૭૭૮.૫ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૭૬૩.૫ વધી રૂ.૩૦૨૫૦ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૩ પૈસા વધી રૂ.૩૭.૬૧ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૩ પૈસા ઘટી રૂ.૭ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૩૫ પૈસા ઘટી રૂ.૨૪.૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા વધી રૂ.૨૭.૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ વધી રૂ.૨૨૦૭ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૨૬૬.૫ વધી રૂ.૨૫૫૦૦ થયો હતો.

# 'મને પસ્તાવો છે કે હું એપસ્ટિનને મળ્યો જ કેમ': આરોપો અંગે બિલ ગેટ્સે તોડ્યું મૌન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

માઈક્રોસોફ્ટના સહ-સંસ્થાપક બિલ ગેટ્સે 'એપસ્ટિન ફાઈલ્સ'માં લાગેલા સનસનાટીભર્યા આરોપો પર મૌન તોડતા તમામ દાવાઓને સરેઆમ ફગાવી દીધા છે.

હાલમાં જ સામે આવેલા દસ્તાવેજોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે બિલ ગેટ્સને રશિયન મહિલાઓ સાથેના સંબંધો બાદ જાતીય સંક્રમણ થયું હતું, જે બાબતે ગેટ્સે સ્પષ્ટતા કરી છે કે આ ઈમેઈલ્સ સંપૂર્ણપણે મનઘડંત અને પાયાવિહોણા છે.

ઓસ્ટ્રેલિયામાં આપેલા ઈન્ટરવ્યુમાં બિલ ગેટ્સે જણાવ્યું હતું કે જેફ્રી એપસ્ટિને તે ઈમેઈલ પોતાની જાતને જ લખ્યા હતા અને તે ક્યારેય મોકલવામાં આવ્યા નહોતા. દસ્તાવેજોમાં એવો દાવો હતો કે ગેટ્સે તેમની તત્કાલીન પત્ની મેલિન્ડા ગેટ્સને જાણ કર્યા વિના એન્ટિબાયોટિક દવાઓ માંગી હતી. આ અંગે ગેટ્સે સ્પષ્ટ કર્યું કે આ આરોપોમાં કોઈ તથ્ય નથી અને તે માત્ર તેમના ચારિત્ર્યને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ છે.

તેમણે સ્વીકાર્યું હતું કે એપસ્ટિન સાથે મુલાકાત કરવી એ તેમની મોટી ભૂલ હતી, જેના માટે તેઓ આજે પણ પસ્તાવો કરે છે.બિલ ગેટ્સે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે તેમનો સંપર્ક અત્યંત સીમિત હતો. તેમણે કહ્યું, "હું માત્ર ડિનર માટે ગયો હતો, હું ક્યારેય એપસ્ટિનના પ્રખ્યાત આઈલેન્ડ પર ગયો નથી કે કોઈ મહિલાને મળ્યો નથી." બીજી તરફ તેમની પૂર્વ પત્ની મેલિન્ડા ફ્રેન્ચ ગેટ્સે આ ખુલાસાઓને 'હૃદયદ્રાવક' ગણાવ્યા છે. અમેરિકન ન્યાય વિભાગ દ્વારા જાહેર કરાયેલ ફાઈલ્સમાં ૨૦૧૩ના બે ઈમેઈલનો ઉલ્લેખ છે, પરંતુ તેની સત્યતા સાબિત કરવા માટે અત્યાર સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. ગેટ્સે ભારપૂર્વક જણાવ્યું છે કે જેમ જેમ વધુ માહિતી બહાર આવશે તેમ તેમ સત્ય સ્પષ્ટ થઈ જશે.

### શું બિહારમાં ફરી યોજાશે વિધાનસભા ચૂંટણી?

# પ્રશાંત કિશોરની પાર્ટી પહોંચી સુપ્રીમ કોર્ટ, ચૂંટણી રદ કરવાની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રશાંત કિશોરના પક્ષ જનસુરાજે તાજેતરની બિહાર વિધાનસભા ચૂંટણીઓને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. તેમણે ગુરુવારે (૫ ફેબ્રુઆરી, ૨૦૨૬) એક અરજી દાખલ કરી હતી, જેમાં ખાસ કરીને બિહાર મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાને પડકારવામાં આવી હતી. તેમનો આરોપ છે કે સરકારે આદર્શ આચારસંહિતા દરમિયાન ૨૫-૩૫ લાખ મહિલાઓના ખાતામાં ?૧૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ આ યોજનામાં નવા લાભાર્થીઓ પણ સ્કીમમાં જોડ્યા હતા અને આ ગેરકાનૂની છે. તેમણે કોર્ટને અનુરોધ કર્યો કે તે ચૂંટણી પંચને તેઓ ચૂંટણી પંચને ચૂંટણીને પ્રભાવિત કરી શકે તેવી મફત ભેટો અને કલ્યાણકારી યોજનાઓ લાગુ કરવા માટે છ મહિનાની સમયમર્યાદા નક્કી કરવા નિર્દેશ આપે. બિહાર ચૂંટણીમાં ગેરકાયદેસર પ્રથાઓનો આરોપ લગાવતા જનસુરાજે રિટ અરજી દાખલ કરી હતી. પક્ષે ખાસ કરીને બિહાર સરકારની મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાને પડકાર ફેંક્યો હતો, અને આરોપ લગાવ્યો હતો કે આદર્શ આચારસંહિતા અમલમાં હોવા છતાં યોજના હેઠળ રૂ.૧૦,૦૦૦ સીધા મહિલા ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. રાજ્ય વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૬ અને ૧૧ નવેમ્બરના રોજ થયું હતું અને પરિણામો ૧૪ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યા હતા.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચ શુક્રવારે અરજી પર સુનાવણી કરશે. જનસુરાજે કલમ ૩૨ હેઠળ અરજી દાખલ કરી હતી. અરજીમાં મહિલાઓના ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવા અને નવા લાભાર્થીઓને ઉમેરવાને આદર્શ આચારસંહિતા અમલમાં હોવા છતાં ગેરકાયદેસર જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. તેમનો આરોપ છે કે આ બંધારણની કલમ ૧૪, ૨૧, ૧૧૨, ૨૦૨ અને ૩૨૪નું ઉલ્લંઘન કરે છે. જનસુરાજની અરજીમાં ચૂંટણી પંચને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૩૨૪ અને કલમ ૧૨૩ હેઠળ કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. અરજદાર જણાવે છે કે બિહાર ચૂંટણી દરમિયાન ૨૫-૩૫ લાખ મહિલા મતદારોને રૂ.૧૦,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અરજદારે એવો પણ આરોપ લગાવ્યો છે કે ચૂંટણીના બંને તબક્કામાં મતદાન મથકો પર સ્વ-સહાય જૂથ **JEEVIKA** ના ૧.૮ લાખ મહિલા લાભાર્થીઓને તૈનાત કરવા પણ ગેરકાયદેસર છે. સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશનો ઉલ્લેખ કરીને અરજદારે સુપ્રીમ કોર્ટને બિહાર ચૂંટણીઓ ફરીથી શેડ્યૂલ કરવા અને ચૂંટણી પંચને મફત અને સીધા લાભ ટ્રાન્સફર યોજનાઓ માટે માર્ગદર્શિકા ઘડવાનો આદેશ આપવા અપીલ કરી છે.

### ૩૦૦થી વધુ પત્રકારોને અસર

# વોશિંગ્ટન પોસ્ટમાં છટણી, શશી થરુરના દીકરાએ પણ નોકરી ગુમાવી

### યુક્રેન જેવા ખતરનાક વિસ્તારોમાંથી રિપોર્ટિંગ કરનાર લિઝી જોન્સનને પણ નોકરીમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત અખબારોમાંના એક ગણાતા 'વોશિંગ્ટન પોસ્ટ'માં આવેલા મોટા આર્થિક અને માળખાગત ફેરફારોને કારણે પત્રકારત્વ જગતમાં ખળભળાટ મચી ગયો છે. અખબારે તેના કુલ સ્ટાફના લગભગ ત્રીજા ભાગના એટલે કે **300**થી વધુ કર્મચારીઓની એકસાથે છટણી કરી દીધી છે, જેમાં ભારતીય સાંસદ શશી થરૂરના પુત્ર અને વરિષ્ઠ સ્તંભકાર ઈશાન થરૂરનો પણ સમાવેશ થાય છે.ઈશાન થરૂર, જેઓ વોશિંગ્ટન પોસ્ટમાં આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત સ્તંભકાર તરીકે કાર્યરત હતા, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ '**X**' પર ખાલી ન્યૂઝરૂમની તસવીર શેર કરતા પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

તેમણે લખ્યું કે, "આજે આંતરરાષ્ટ્રીય સ્ટાફના મોટાભાગના સાથીઓ સાથે મને પણ લે-ઓફ કરી દેવામાં આવ્યો છે. પાંચ લાખ સબસ્ક્રાઈબર્સ જેમણે વર્ષો સુધી મારા રિપોર્ટિંગને વાંચ્યું અને પ્રોત્સાહન આપ્યું, તેમનો હું આભારી છું." ઈશાનના મતે આ કટૌતી વૈશ્વિક પત્રકારત્વના સ્તરને નુકસાન પહોંચાડશે.વોશિંગ્ટન પોસ્ટના આ આક્રમક વલણની પૂર્વ એડિટરોએ આકરી ટીકા કરી છે. ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ એડિટર માર્ટિન બેરોને આ પગલાને "બ્રાન્ડનું જ અસ્તિત્વ ખતમ કરવા સમાન" ગણાવ્યું છે. ખાસ કરીને યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં રિપોર્ટિંગ કરનાર પત્રકારોને કાઢી મૂકવાના નિર્ણયથી ઘણા લોકો આશ્ચર્યચકિત છે. યુક્રેન જેવા ખતરનાક વિસ્તારોમાંથી રિપોર્ટિંગ કરનાર લિઝી જોન્સનને પણ નોકરીમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે.અખબારના વર્તમાન મેનેજમેન્ટનું કહેવું છે કે બદલાતી ટેકનોલોજી અને વાચકોની આદતો મુજબ અખબારને ફરીથી બેઠું કરવા માટે આ પુનર્ગઠન અનિવાર્ય હતું. મેટ મરેએ સ્પષ્ટ કર્યું કે સંસ્થા હવે 'દરેક માટે બધું' બની શકતી નથી અને આર્થિક બોજ ઘટાડવા માટે આ પ્રકારના કડક નિર્ણયો લેવા પડ્યા છે. **150** વર્ષથી અમેરિકન લોકશાહીના સ્તંભ સમાન ગણાતા આ અખબારની વર્તમાન દિશાને લઈને પત્રકારત્વના નિષ્ણાતો ચિંતિત છે.

# શશિ થરૂર સંસદ સંકુલમાં સીડી ઉતરતા પગથિયા પર પડી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદ ભવનના સંકુલમાં બનેલી એક ઘટનાની વ્યાપક ચર્ચા થઈ રહી છે. કોંગ્રેસ સાંસદ શશિ થરૂર સંસદ સંકુલમાં સીડી ઉતરતા સીઢી પર વાત કરતા હતા અને પગથિયા પર પડી ગયા હતા.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે તેમને મદદ કરી હતી. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, કોંગ્રેસ સાંસદ શશી થરૂર સંસદ સંકુલમાં સીડી પર ફોન પર વાત કરતી વખતે ઠોકર ખાતા જોવા મળે છે.

સીડી પર પગ મૂકતાની સાથે જ થરૂર લપસી ગયા હતા આ ઘટના કેમેરામાં કેદ થતાં તેનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ શેર કરવામાં આવ્યો છે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ તેમની બાજુમાં ઉભા હતા અને તરત જ થરૂરને મદદ કરવાનો પ્રયાસ કર્યો હતો અને ખબર અંતર પૂછ્યાં હતા. શશિ થરૂરે તે હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

શશી થરૂરે ટ્વિટર પર લખ્યું, "જે દીવો તોફાનમાં પ્રજ્ઞ્વલિત છે તેને સંભાળીને ચાલવું જોઈએ." થરૂરના નિવેદનનું હવે રાજકીય અર્થઘટન થઈ રહ્યું છે. સંસદ ભવનમાં બનેલી બીજી એક ઘટનાની ચર્ચા દિવસભર થઈ. બુધવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, "ચિંતા કરશો નહીં, તમે પાછા આવશો."

આ વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુને દેશદ્રોહી કહ્યા. રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી સાથે હાથ મિલાવવા માટે હાથ લંબાવ્યો હોવા છતાં, બિટ્ટુ હાથ મિલાવ્યા વિના ચાલ્યા ગયા. ભાજપ આ સમગ્ર મામલે રાહુલ ગાંધી પર પ્રહાર કરી રહી છે. દિલ્હીના સાત ભાજપના સાંસદોએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના બિટ્ટુને દેશદ્રોહી ગણાવવાના નિવેદનની નિંદા કરી છે. ભાજપના સાંસદોનો દાવો છે કે રાહુલ ગાંધીએ શીખ સમુદાયની ઓળખ પર સીધો હુમલો કર્યો છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com



નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### બાળકની કસ્ટડી માટેની પિતાની હેબિયસ કોર્પસ અરજી રદ કરતો હાઈકોર્ટનો ચુકાદો

# જૈવિક માતા પાસે પુત્રની કસ્ટડી ગેરકાયદેસર અને જોખમી કહી શકાય નહીં : હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

પતિ-પત્નીના વૈવાહિક જીવનને લગતાં વિવાદોમાં બાળકની પરિસ્થિતિ સૌથી દયનીય હોય છે. આવા કિસ્સામાં કસ્ટડીના કેસો સૌથી વધુ દુઃખ આપનારા બની જતા હોય છે. બાળકની કસ્ટડીના એક કાનૂની જંગમાં હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા પિતાની બાળકની કસ્ટડી માટેની અરજી ફગાવી કાઢતા એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું છે કે જૈવિક માતા જોડે બાળકની કસ્ટડીને ગેરકાયદેસર કે જોખમી કહી શકાય નહીં. ઉલ્લેખનીય છે કે બાળકની કસ્ટડી માટેના કાયદા હેઠળની અરજીના બદલે પિતા તરફ હેબિયસ કોર્પસ અરજી કરવામાં આવી હતી અને તેને હાઈકોર્ટે ગુણદોષ વિનાની ઠરાવી રદ કરી હતી. જોકે પિતાને એવી છૂટ પણ આપી હતી કે ઉપયુક્ત કાયદા મુજબ તેઓ બાળકની કસ્ટડી મેળવવા કાર્યવાહી કરી શકે છે. ભાવનગરના એક અરજદાર પિતાએ આ અરજી દાખલ કરીને તેના સગીર પુત્રની કસ્ટડી મેળવવા અને તેને કોર્ટ સમક્ષ રજૂ કરવા માટે પ્રતિવાદીઓને આદેશ કરવાની માંગ કરી હતી. આ કેસમાં કેટલાક તથ્યો નિર્વિવાદ છે. જે મજુબ ૮.૧૨.૨૦૧૫ના રોજ બાળકની માતા સાથે અરજદારે લગ્ન કર્યા હતા અને આ લગ્નજીવનથી ૨૫.૮. ૨૦૧૯ના રોજ પુત્ર જન્મ્યો હતો અને તે હાલમાં લગભગ ૬ વર્ષનો છે. એ પણ નિર્વિવાદ છે કે પિતા અને માતા ૨૦૨૨માં અલગ થઈ ગયા હતા. હકીકતમાં અરજદારનો આરોપ છે કે તેની પત્ની તેને છોડીને ચાલી ગઈ હતી.અરજીમાં જણાવ્યા મુજબ માતા અને પિતા વચ્ચે વૈવાહિક વિખવાદ છે અને તેમની વચ્ચે ભરણપોષણ સંબંધિત અનેક કાર્યવાહી ચાલી રહી છે અને દહેજ પ્રતિબંધ કાયદાની જોગવાઈઓ હેઠળ ફોજદારી કેસ પણ ચાલી રહ્યા છે. આ કેસમાં પ્રતિવાદી માતાએ જવાબમાં સોગંદનામું દાખલ કર્યું છે અને તેણે એ પણ સ્વીકાર્યું છે કે તે અને તેનો પુત્ર ૨૦૨૨થી પિતાથી અલગ રહી રહ્યા છે. પિતાએ જ તેને અને તેના પુત્રને છોડી દીધા હતા, અને તેણે પુત્રના હિત વિશે પૂછપરછ કરવાની ક્યારેય પણ તસ્દી લીધી ન હતી. જોકે જ્યારે તેઓ અલગ થયા ત્યારે તેનો પુત્ર ફક્ત બે વર્ષનો હતો. એવો પણ આરોપ છે કે પિતાએ પુત્રના ભરણપોષણની ચિંતા કરી નથી અને તેણે ભરણપોષણ તરીકે કોઈ રકમ ચૂકવી નથી. માતા દ્વારા ખાસ જણાવવામાં આવ્યું છે કે હેબિયસ કોર્પસની માંગણી કરતી હાલની અરજી ફક્ત તેને હેરાન કરવા માટેની છે.હાઈકોર્ટમાં એવી રજૂઆત પણ કરવામાં આવી હતી કે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ બાળકના માતા-પિતાને કલમ ૨૨૬ હેઠળ હાઈકોર્ટના અસાધારણ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો અને હેબિયસ કોર્પસ રિટ માંગવાનો કાનૂની અધિકાર નથી અને તે ફક્ત હાઈકોર્ટના કાર્યક્ષેત્રમાં છે કે તેઓ તેમના વિવેકબુદ્ધિથી હેબિયસ કોર્પસ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે અને તે દરેક કેસના તથ્યો પર આધારિત રહેશે. બીજી તરફ પિતા વતી હાજર એડવોકેટની દલીલ હતી કે કોર્ટ બાળકના કલ્યાણને ધ્યાનમાં લેવા માટે બંધાયેલી છે અને હેબિયસ કોર્પસ રિટ જારી કરી શકાય છે. માતા એક પુરુષ સાથે લિવ-ઈન-રિલેશનશિપમાં છે અને આ સંબંધ સગીર પુત્ર પર હાનિકારક અસર કરશે.બંને પક્ષોની દલીલોના અંતે હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ૭ વર્ષના બાળકની તેની જૈવિક માતા જોડેની કસ્ટડી હંમેશા કાયદેસર કસ્ટડી ગણાય.

### હવે જોનપુરની ૩ દીકરીઓ ગુમ થતાં ખળભળાટ

# યુપીમાં ૧ લાખ તો દિલ્હીમાં ૮૦૦ લોકો ક્યાં ખોવાયા?

### સુરેરી પોલીસ સ્ટેશન વિસ્તારના કમરુદ્દીનપુર ગામની નિવાસી ત્રણ છોકરીઓ ગુમ થવાથી ખળભળાટ મચી ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એક તરફ જ્યાં દિલ્હીમાં વર્ષ ૨૦૨૬ની શરૂઆતના ૧૫ દિવસમાં જ સેંકડો લોકો ગુમ થઈ ગયા છે. તેઓ ક્યાં છે અને કેવી સ્થિતિમાં છે તેનો કોઈને કોઈ અંદાજો નથી. બીજી તરફ ઉત્તર પ્રદેશમાંથી પણ એક મિસિંગ રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં ૨ વર્ષની અંદર ૧ લાખથી વધુ લોકો ગુમ થઈ ગયા છે.

હવે આ મામલે ખુદ હાઈકોર્ટે સંજ્ઞાન લીધું છે. આ વચ્ચે હવે જોનપુરથી ૩ દીકરીઓ ગુમ થવાના સમાચારથી ખળભળાટ મચી ગયો છે. વાસ્તવમાં બે સગી અને એક પિતરાઈ બહેન આધારકાર્ડની ફોટોકોપી કરાવવા માટે ઘરેથી નીકળી હતી, જે ઘરે પરત નથી ફરી અને ગુમ થઈ ગઈ છે. ત્રણેય બહેનો જ્યારે ઘરે પરત ન ફરી, ત્યારે તેમના પરિવારે તેમની શોધ શરૂ કરી. તેમની શોધ કરવા છતાં તેમની કોઈ માહિતી ન મળતા પરિવારમાં હોબાળો મચી ગયો. આ ઘટના સુરેરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કમરુદ્દીનપુર ગામમાં બની છે. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે અને ગુમ થયેલી ત્રણ છોકરીઓની શોધ કરી રહી છે.

સુરેરી પોલીસ સ્ટેશન વિસ્તારના કમરુદ્દીનપુર ગામની નિવાસી ત્રણ છોકરીઓ ગુમ થવાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. બે સગી બહેનો અને એક પિતરાઈ બહેન આધાર કાર્ડની ફોટોકોપી બનાવવા માટે ઘરેથી નીકળી હતી પરંતુ મોડી તેઓ સાંજ સુધી ઘરે પરત ન ફરી. આ ઘટના બાદથી પરિવાર ખૂબ જ દુઃખી છે. પરિવારના જણાવ્યા પ્રમાણે ૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે કમરુદ્દીનપુરના નિવાસી કૃપા શંકર ચૌહાણની દીકરીઓ શિલ્પી ચૌહાણ (૧૯) અને શિવાંગી ચૌહાણ (૧૮) અને તેમની પિતરાઈ બહેન રિયા ચૌહાણ (૧૧) માર્કેટ જવાની વાત કહીને ઘરેથી નીકળી હતી. મોડી રાત સુધી ત્રણેય ઘરે પરત ન ફરી ત્યારે પરિવારે તેમની ખૂબ શોધખોળ કરી, પરંતુ કોઈ પત્તો ન લાગ્યો.

ત્યારબાદ પરિવારે સુરેરી પોલીસ સ્ટેશનમાં ઘટનાની જાણ કરી. ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. ઘટનાની જાણ થતા જ સ્ટેશન હાઉસ ઓફિસર ઈન્સ્પેક્ટર રાજેશ મિશ્રાએ પોલીસ ટીમોને સક્રિય કરીને સંભવિત સ્થળો પર શોધખોળ હાથ ધરી છે. પોલીસનું કહેવું છે કે કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દરેક પાસાની તપાસ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં ત્રણેય છોકરીઓને શોધી કાઢવાના પ્રયાસો ચાલુ છે.

દેશની રાજધાની દિલ્હીમાં વર્ષની શરૂઆતના માત્ર ૧૫ દિવસની અંદર જ ગુમ થયેલા બાળકોની સંખ્યામાં વધારાએ પોલીસ વિભાગથી લઈને સામાન્ય જનતાને હચમચાવી મૂક્યું છે. આંકડા પ્રમાણે દિલ્હીમાં માત્ર ૧૫ દિવસમાં ૮૦૦થી વધુ લોકો ગુમ થયાના સમાચાર સામે આવ્યા છે. આ આંકડા બાદ સુરક્ષા વ્યવસ્થા પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. પોલીસના આંકડા પ્રમાણે આ ગુમ થયેલા વ્યક્તિઓમાં મોટાભાગની મહિલાઓ અને છોકરીઓ છે. તમને જણાવી દઈએ કે ૧ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી દરમિયાન ગુમ થયેલા ૮૦૭ લોકોમાંથી ૫૦૯ મહિલાઓ અને છોકરીઓ હતી.

### ઓમાનમાં મહત્વની બેઠક

# યુદ્ધના પડછાયા હેઠળ વાટાઘાટો! અમેરિકા અને ઈરાન આમને-સામને

### અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીત, જે રદ થવાની હતી, હવે ઓમાનની રાજધાની મસ્કટમાં શુક્રવારે યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓમાન

અમેરિકા અને ઈરાન વચ્ચે આખરે વાતચીતનો માર્ગ મોકળો બની ગયો છે. વાતચીત તૂટવાની સ્થિતિ સુધી પહોંચ્યા છતાં હવે બંને દેશ ફરી વાતચીત કરવા તૈયાર છે. બ્રિટિશ અખબાર ધ ગાર્જિયનના રિપોર્ટ પ્રમાણે આ મહત્વની બેઠક હવે શુક્રવારે ઓમાનની રાજધાની મસ્કટમાં યોજાશે, જ્યારે પહેલા તેનું આયોજન તુર્કીમાં કરવાની યોજના હતી.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બુધવારે મોડી રાત્રે કહ્યું કે બેઠક મસ્કટમાં યોજાશે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું- અમેરિકાની સાથે પરમાણુ વાતચીત શુક્રવારે સવારે ૧૦ કલાકે મસ્કટમાં થશે. તેમણે આ બેઠકના આયોજન માટે ઓમાનનો આભાર માન્યો છે.

અમેરિકાના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે વાતચીત થશે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિસ્તારમાં તણાવ વધુ છે. અમેરિકાએ ત્યાં પોતાની સેનાની તૈનાતી વધારી છે અને ઈરાનને ચેતવણી આપી છે કે જો વાતચીત નિષ્ફળ રહી તો કાર્યવાહી થઈ શકે છે.

આ પહેલા બુધવારે તેવું લાગી રહ્યું હતું કે વાતચીત તૂટી જશે. ઈરાને સ્પષ્ટ કહ્યું હતું કે તે પોતાની બેલિસ્ટિક મિસાઈલો કે વિસ્તાર સાથે જોડાયેલા બીજા મુદ્દે વાત કરશે નહીં. અમેરિકા ઈચ્છે છે કે વિસ્તૃત વાતચીત થાય.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યુ કે અમેરિકા વાતચીત માટે તૈયાર છે, પરંતુ તેની કેટલીક સ્પષ્ટ માગ છે. તેમણે કહ્યું- જો વાતચીતથી કોઈ મજબૂત પરિણામ ન નીકળે તો કેમાં કેટલાક જરૂરી મુદ્દા સામેલ કરવા પડશે. તેમણે ઈરાનની મિસાઈલો, હથિયારબંધ જૂતોનું સમર્થન, પરમાણુ કાર્યક્રમ અને પોતાના લોકો સાથે વ્યવહારનો ઉલ્લેખ કર્યો હતો.

### પ્રેમી સાથે મળીને પતિને ઉતાર્યો મોતને ઘાટ

# પ્રેમમાં અંધ પત્નીએ જ પોતાનું ઘર ઉજાડ્યું!

### અંજલી નામની એક મહિલાએ પ્રેમી અને બે મિત્રો સાથે મળીને પતિ આશિષનું ગળું દબાવીને હત્યા કરી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

શ્રી ગંગાનગર જિલ્લાના રાવલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગામ 1KLM માં પોલીસે થોડા કલાકોમાં જ એક હત્યાકાંડનો ભયાનક કેસ ઉકેલી નાખ્યો. તેમણે હત્યા માટે આશિષની પત્ની, તેના પ્રેમી અને બે અન્ય સાથીઓની ધરપકડ કરી છે. શ્રી ગંગાનગરના પોલીસ અધિક્ષક ડૉ. અમૃતા દુહને જણાવ્યું કે આશિષની પત્ની અંજલિએ અફેરના કારણે આ ઘટનાને અંજામ આપ્યો છે. આરોપીઓએ પહેલા આશિષ પર લાકડીઓથી હુમલો કર્યો અને પછી મફલરથી તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. ઘટનાને અકસ્માત અને લૂંટ તરીકે છુપાવવા માટે કાવતરું ઘડવામાં આવ્યું હતું, પરંતુ પોલીસ તપાસ આગળ સમગ્ર પ્લાન નિષ્ફળ ગયો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આશિષ કુમારના લગ્ન ત્રણ મહિના પહેલા જ સાદુલશહેરની રહેવાસી અંજલિ સાથે થયા હતા. અંજલિ પોતાના સંબંધોથી નાખુશ હતી અને તેના પ્રેમી સંજય, જેને સંજુ તરીકે પણ ઓળખવામાં આવે છે, સાથે રહેવા માંગતી હતી. યોજના મુજબ, ૩૦ જાન્યુઆરીની રાત્રે રાત્રિભોજન કર્યા પછી, અંજલિ પોતાના પતિ આશિષને હંમેશની જેમ ફરવા જવાના બહાને એક નિર્જન રસ્તા પર લઈ ગઈ હતી. ત્યાં અંજલિનો પ્રેમી સંજય અને તેના મિત્રો, બાદલ અને રોહિત, પહેલાથી જ ઝાડીઓમાં છુપાઈ ગયા હતા. આશિષ પહોંચતાની સાથે જ અંજલિના કહેવાથી ત્રણેયે તેના પર જીવલેણ હુમલો કર્યો. આશિષના માથા પર પહેલા તો લાકડીઓ વડે હુમલો કર્યો. પછી આશિષ ન મર્યો તો મફલરથી તેનું ગળું દબાવી દેવામાં આવ્યું હતું.

આશિષની હત્યા કર્યા પછી અંજલિએ કેસ પરથી ધ્યાન ભટકાવવા માટે નાટક કર્યું. તેમણે આશિષનો મોબાઈલ ફોન અને પોતાના કાનના ઝુમકા આરોપીઓને આપ્યા જેથી તે લૂંટ જેવું લાગે. ત્યારબાદ તેણે બેહોશ થવાનો ડોળ કર્યો જેથી પોલીસ માને કે તેમને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારી છે. શરૂઆતમાં પરિવારે તેને રોડ અકસ્માત માન્યો અને અજાણ્યા વાહન સામે પોલીસ રિપોર્ટ દાખલ કર્યો. જોકે, પોલીસને ઘટનાસ્થળે રહેલા પુરાવા અને અંજલિના નિવેદનો પર શંકા ગઈ અને કડક પૂછપરછ બાદ હકીકત સામે આવી હતી. આ કેસમાં પોલીસે ઝડપી કાર્યવાહી કરીને મુખ્ય આરોપી પત્ની અંજલિ, તેના પ્રેમી, ૨૫ વર્ષીય સંજય ઉર્ફે સંજુ, ૨૦ વર્ષીય રોહિત ઉર્ફે રોકી અને બાદલ ઉર્ફે સિદ્ધાર્થની ધરપકડ કરી છે. પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે આરોપીઓએ પૂછપરછ દરમિયાન પોતાના ગુના કબૂલ્યો છે. હાલમાં, પોલીસ ગુના સંબંધિત વધુ પુરાવા એકત્રિત કરવા માટે સઘન પૂછપરછ કરી રહી છે. આ ખુલાસાથી આખા ગામમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે, અને લોકો આઘાતમાં છે કે ત્રણ મહિના પહેલા આવેલી એક પુત્રવધૂએ પોતાના જ પતિ પર હુમલો કરતા કેવી રીતે ચાલ્યો હશે જીવ.

### વાહનોને પાછા વાળવા અલગ પોઈન્ટ્સ બનાવો: ડૉ. મહેતાનું સૂચન

# મુંબઈ-પૂણે એક્સપ્રેસ હાઈવે પર ૮ કલાક ટ્રાફિક જામમાં ફસાયા બિઝનેસમેન: હેલિકોપ્ટર મગાવી રવાના થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈ-પૂણે એક્સપ્રેસવે પર મંગળવારે સાંજે બનેલી એક દુર્ઘટનાએ હજારો મુસાફરો માટે કાળઝાળ અનુભવ કરાવ્યો હતો. ખંડાલા ઘાટ સેક્શનમાં બોરઘાટ નજીક પ્રોપિલીન ગેસ ભરેલું એક ટેન્કર પલટી જતાં અંદાજે ૩૨ કલાક સુધી હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. આ અકસ્માતને કારણે ૨૦ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેમાં હજારો પરિવારો ખોરાક, પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ વગર રસ્તા પર અટવાઈ પડ્યા હતા.

આ ભયાનક જામમાં પૂણેના જાણીતા ઉદ્યોગપતિ ડૉ. સુધીર મહેતા પણ ફસાયા હતા. તેમણે લગભગ ૮ કલાક સુધી ટ્રાફિકમાં રાહ જોઈ હતી, પરંતુ સ્થિતિમાં કોઈ સુધારો ન દેખાતા અંતે તેમણે હેલિકોપ્ટર મંગાવીને પૂણે પરત ફરવાનો નિર્ણય લીધો હતો.

ઉદ્યોગપતિ ડૉ. સુધીર મહેતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની વ્યથા ઠાલવતા વહીવટી તંત્રની કટોકટી વ્યવસ્થાપન ક્ષમતા પર આકરા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે ટ્વીટ કર્યું કે, માત્ર એક ગેસ ટેન્કરની દુર્ઘટનાને કારણે લાખો લોકો છેલ્લા ૧૮ કલાકથી રસ્તા પર અટવાયેલા છે, જે તંત્રની નબળી આયોજન શક્તિ દર્શાવે છે. ભવિષ્યમાં આવી સ્થિતિને ટાળવા માટે તેમણે બે મહત્ત્વના સૂચનો આપ્યા હતા, ઈમરજન્સી એક્ઝિટ બાબતે તેમણે જણાવ્યું કે એક્સપ્રેસવે પર અલગ-અલગ પોઈન્ટ્સ પર ઈમરજન્સી એક્ઝિટ(બહાર નીકળવાના રસ્તા) હોવા જોઈએ, જેથી આવી કટોકટી વખતે વાહનોને ત્યાંથી પાછા વાળી શકાય અને ટ્રાફિક જામ હળવો કરી શકાય. આ ઉપરાંત તેમણે હાઈવે પર ઈમરજન્સી રેસ્ક્યુ માટે હેલીપેડ બનાવવાની માંગ કરતા કહ્યું કે, એક હેલીપેડ બનાવવા માટે માત્ર ૧૦ લાખ રૂપિયાથી ઓછો ખર્ચ થાય છે અને માત્ર એક એકર જમીનની જરૂર પડે છે. આ સુવિધા મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં (Evacuation) અત્યંત મદદરૂપ સાબિત થઈ શકે છે. હાઈવે પરની વરવી વાસ્તવિકતા વર્ણવતા ડૉ. મહેતાએ કહ્યું કે, રસ્તા પર ડિસિપ્લિન જેવું કંઈ રહ્યું નહોતું. લોકો રોંગ સાઈડમાં વાહનો ચલાવી રહ્યા હતા. આ પ્રદેશની જીવાદોરી સમાન હાઈવેની હાલત દિન પ્રતિદિન કથળી રહી છે, જે દુઃખદ છે. તેમની આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયા પર લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. અનેક યુઝર્સે ભારે ટેક્સ ભરવા છતાં સુવિધાઓના અભાવ અને તંત્રની બેદરકારી સામે નારાજગી વ્યક્ત કરી હતી. કેટલાક લોકોએ ક્ષતિગ્રસ્ત વાહનોને તાત્કાલિક એરલિફ્ટ કરવાની સુવિધા ઉભી કરવા પર પણ ભાર મૂક્યો હતો.

# અલ્લાહાબાદ હાઈકોર્ટનો ચુકાદો: ૪ દાયકા બાદ ૧૦૦ વર્ષના વૃદ્ધને હત્યાના આરોપથી મળી મુક્તિ

### ૧૯૮૨માં જમીન વિવાદ દરમિયાન થયેલી હત્યામાં સંડોવણીનો આરોપ હતો : આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા) અલ્લાહાબાદ

અલ્લાહાબાદ હાઈકોર્ટે લગભગ ૧૦૦ વર્ષના એક વૃદ્ધને હત્યાના કેસમાં ૪૨ વર્ષ બાદ મોટી રાહત આપતા તેને મુક્ત કરી દીધો છે. તેના પર ૧૯૮૨માં જમીન વિવાદ દરમિયાન થયેલી હત્યામાં સંડોવણીનો આરોપ હતો. તેને આ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી, પરંતુ હવે ચાર દાયકાથી વધુ સમય બાદ કોર્ટે તેને નિર્દોષ છોડી દીધો છે.

કોર્ટે કહ્યું કે, તેને મળેલી આજીવન કેદની સજાને પડકાર્યાને ચાર દાયકાથી વધુ સમય વીતી ગયો છે, અને તેને જે સામાજિક પરિણામો ભોગવવા પડ્યા તેને અવગણી ન શકાય.

જસ્ટિસ ચંદ્ર ધારી સિંહ અને જસ્ટિસ સંજીવ કુમારની ડિવિઝન બેન્ચે એમ પણ કહ્યું કે, આરોપીની અપીલ લાંબા સમયથી પેન્ડિંગ હતી અને તેની ઉંમર પણ વધારે થઈ ગઈ છે. તેથી રાહત આપતી વખતે આ બાબતોને અવગણી ન શકાય.

આ હત્યા ૧૯૮૨માં જમીન વિવાદમાં થઈ હતી અને આ મામલે ત્રણ લોકો - મૈકુ, સત્તી દીન અને ધામી રામ આરોપી હતા. મૈકુ ફરાર થઈ ગયો હતો, જ્યારે હમીરપુર સેશન્સ કોર્ટે ૧૯૮૪માં સત્તી દીન અને રામને આજીવન કેદની સજા ફટકારી હતી. રામ તે જ વર્ષે જામીન પર મુક્ત થઈ ગયો હતો. સત્તી દીનનું અપીલ દરમિયાન જ મોત થઈ ગયુ હતું, જેના કારણે રામ આ કેસમાં એકમાત્ર જીવિત અપીલકર્તા રહી ગયો હતો.

રામ ત્યારથી જામીન પર છે તે બાબતને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે તેમના જામીન બોન્ડ ખતમ કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે જણાવ્યું હતું કે, મુક્ત કરવાનો નિર્ણય કેસના ગુણદોષ પર આધારિત હતો, ખાસ કરીને ફરિયાદ પક્ષના આરોપોને શંકાની બહાર આરોપો સાબિત કરવામાં નિષ્ફળતા પર.

કોર્ટે કહ્યું કે, ફરિયાદ પક્ષ આરોપોને શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે. આનો અર્થ એ થયો કે, પુરાવા એટલા મજબૂત નહોતા કે, દોષ સાબિત કરી શકાય. કોર્ટે એ પણ સ્વીકાર્યું કે, અપીલમાં ઘણો વિલંબ થયો અને આરોપીને દાયકાઓ સુધી માનસિક તણાવ અને સામાજિક બદનામીનો સામનો કરવો પડ્યો. તેની ઉંમર હવે લગભગ ૧૦૦ વર્ષ છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને કોર્ટે તેને મુક્ત કર્યો છે.

# ઉત્તર ભારતીયો અહીં ટેબલ સાફ કરવા આવે છે: તમિલનાડુના મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

### તમિલનાડુના કૃષિ મંત્રી એમઆરકે પન્નીરસેલ્વમનું ઉત્તર ભારતીયો અને હિન્દી ભાષાને લઈને વિવાદાસ્પદ નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

તમિલનાડુના કૃષિ મંત્રી એમઆરકે પન્નીરસેલ્વમે ઉત્તર ભારતીયો અને હિન્દી ભાષાને લઈને અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે, જેના કારણે દેશભરમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. ચેંગલપટ્ટુ જિલ્લામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે દાવો કર્યો હતો કે ઉત્તર ભારતના લોકો તમિલનાડુમાં આવીને ટેબલ સાફ કરવાનું કે મજૂરી કરવાનું કામ કરે છે.

તમિલનાડુના કૃષિ મંત્રી એમઆરકે પન્નીરસેલ્વમે એક પાર્ટી કાર્યક્રમમાં ઉત્તર ભારતીયોની મજાક ઉડાવતા કહ્યું હતું કે, "ઉત્તર ભારતના લોકો અહીં ટેબલ સાફ કરવા આવે છે... તેઓ કન્સ્ટ્રક્શન મજૂર બનીને કે પાણીપુરી વેચીને કામ કરે છે, કારણ કે તેમણે માત્ર હિન્દી શીખી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે હિન્દી ભાષીઓને સારી નોકરીઓ મળતી નથી અને તેઓ મજબૂરીમાં તમિલનાડુ આવીને નાના કામો કરે છે.

મંત્રીએ તમિલનાડુ સરકારની બે-ભાષાની નીતિના ફાયદા ગણાવતાં કહ્યું હતું કે, "અમારા બાળકો અંગ્રેજી સારી રીતે શીખે છે અને વિદેશ જાય છે. તેઓ અમેરિકા અને લંડનમાં કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે." આ નિવેદન દ્વારા તેમણે એવો સંકેત આપવાનો પ્રયાસ કર્યો કે હિન્દી શીખવાથી આર્થિક પ્રગતિ થતી નથી, જેણે હવે નવી ચર્ચા જગાવી છે. આ નિવેદન બાદ ભાજપના નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી છે. તમિલનાડુ ભાજપના પ્રમુખ નૈનાર નાગેન્દ્રને 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે કોઈ પણ કામ નાનું નથી હોતું અને કોઈ પણ નાગરિક હીન નથી. ભાજપે આરોપ લગાવ્યો કે DMK નેતા વારંવાર પ્રવાસી મજૂરો અને હિન્દી ભાષીઓને નિશાન બનાવીને સમાજમાં ભાગલા પાડવાનું કામ કરી રહ્યા છે. ખાસ કરીને જ્યારે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે, ત્યારે આ નિવેદન રાજકીય રીતે ઘણું મહત્ત્વનું મનાય છે.

## જૂનાગઢ મહાશિવરાત્રિના મેળામાં મંત્રીઓ અધિકારીઓનાં વાહનો પર પણ પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢની ભવનાથ તળેટીમાં આગામી ૧૧ ફેબ્રુઆરીથી યોજાનારા મહાશિવરાત્રીના મેળામાં ટ્રાફિક અને ભીડના નિયંત્રણ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. સાધુ સંતો અને વહીવટી તંત્રની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આ વખતે મેળા દરમિયાન અધિકારીઓ કે મંત્રીઓના વાહનોને પ્રવેશ આપવામાં નહીં આવે. શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધાને પ્રાથમિકતા આપવા આ નિર્ણય લેવાયો છે. વરિષ્ઠ નાગરિકો અને અશક્ત સાધુ સંતોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે કલેક્ટર દ્વારા ખાસ ઈલેક્ટ્રિક રિક્ષાઓની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું અધિકૃત સૂત્રોએ જણાવ્યું હતું.મેળાના સુચારુ સંચાલન માટે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસની ટીમોએ રવેડી રૂટનું પગપાળા નિરીક્ષણ કર્યું હતું. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે દર વર્ષે જિલ્લા પંચાયત ગ્રાઉન્ડમાં થતું બસોનું પાર્કિંગ હવે ગિરનાર દરવાજા પાસે ખસેડવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત મેદાનનો ઉપયોગ હવે સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કરવામાં આવશે.

### ગુજરાતના પ્રખ્યાત બૌદ્ધ સ્થળ દેવનીમોરી ખાતેથી મળ્યા હતા

# ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો શ્રીલંકા પહોંચ્યા

### શ્રીલંકાના ૭૮મા સ્વતંત્રતા દિવસના પાવન અવસરે આ અવશેષોનું આગમન થતા વાતાવરણ ભક્તિમય બન્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

ભારત અને શ્રીલંકા વચ્ચેના સદીઓ જૂના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોમાં આજે એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે.

ગુજરાતના પ્રખ્યાત બૌદ્ધ સ્થળ દેવનીમોરી ખાતેથી મળી આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને શ્રીલંકા લાવવામાં આવ્યા છે.

શ્રીલંકાના ૭૮મા સ્વતંત્રતા દિવસના પાવન અવસરે આ અવશેષોનું આગમન થતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે.

ભારતીય વાયુસેનાના વિશેષ વિમાન દ્વારા આ પવિત્ર અવશેષો કોલંબો પહોંચ્યા હતા. નિર્ધારિત પ્રોટોકોલ મુજબ, શ્રીલંકા સરકાર દ્વારા અવશેષોને પૂર્ણ રાજ્ય સન્માન સાથે આવકારવામાં આવ્યા હતા. આ યાત્રામાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી અને ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ પણ સામેલ રહ્યું હતું. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કોલંબોના પ્રખ્યાત ગંગારામાયા મંદિરમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ પવિત્ર અવશેષોના પ્રદર્શનનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે ગંગારામાયા મંદિરના મુખ્ય મઠાધિપતિ ડૉ. કિરીંડે અસાજી થેરો અને શ્રીલંકા કેબિનેટના વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનના ભાગરૂપે ગંગારામાયા મંદિર ખાતે "પિપ્રાહવાના પવિત્ર અવશેષોની શોધ" અને "પવિત્ર અવશેષો અને સમકાલીન ભારતની સાંસ્કૃતિક ભાગીદારી" નામના બે પ્રદર્શનોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, દેવનીમોરી અવશેષોના ઈતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે જ્યારે તેમને જાહેર પૂજા માટે ભારતની બહાર લાવવામાં આવ્યા હોય. અગાઉ ભારતે ૨૦૧૨માં કપિલવસ્તુ અને ૨૦૧૮માં સારનાથના અવશેષો શ્રીલંકા મોકલ્યા હતા. પ્રદર્શનના ભાગરૂપે મંદિરમાં બે વિશેષ એક્ઝિબિશન પણ યોજાયા છે.


પરંપરાગત બૌદ્ધ વિધિઓ અને મંત્રોચ્ચાર સાથે સ્થાપિત કરાયેલા આ અવશેષો આજે, ૫ ફેબ્રુઆરીથી સામાન્ય જનતા અને શ્રદ્ધાળુઓ માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. શ્રીલંકા અને વિશ્વભરમાંથી આવતા બૌદ્ધ અનુયાયીઓ ભગવાન બુદ્ધના આ પવિત્ર અંશના દર્શન કરી ધન્યતા અનુભવી શકશે.

આ આયોજન માત્ર ધાર્મિક જ નહીં પરંતુ રાજદ્વારી દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનું છે. ભગવાન બુદ્ધના કરુણા અને અહિંસાના ઉપદેશો ભારત અને શ્રીલંકા વચ્ચેના નેબરહુડ ફર્સ્ટ સંબંધોને વધુ ગાઢ બનાવશે.

# આજે તા.૫ ફેબ્રુ.થી મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ: ૧૬ ફેબ્રુ. સુધી ફોર્મ ભરી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા આજે તારીખ ૫ ફેબ્રુઆરી ગુરૂવાર થી શરૂ કરવામાં આવી છે. ઉમેદવારો આગામી તારીખ ૧૬ મી ફેબ્રુઆરી સુધી ઓનલાઈન ફોર્મ શાળા મારફતે ભરી શકશે. આગામી તારીખ ૪ એપ્રિલના રોજ લેવાનારી આ પરીક્ષાના આધારે મેરીટમાં આવતા ૨૫ હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે પસંદ કરવામાં આવશે.




મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ખાનગી સ્કુલોમાં રાઈટ ટુ એજયુકેશન યોજના અંતર્ગત ધો. ૧ થી ૮ નો અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી જેઓ આ પરીક્ષા પાસ કરીને સ્વનિર્ભર સ્કુલમાં પ્રવેશ મેળવે તો તેમને ધો. ૯ અને ૧૦ માં વાર્ષિક રૂપીયા ૨૨ હજાર અને ધો. ૧૧ અને ૧૨ માં વાર્ષિક રૂપીયા ૨૫ હજાર સ્કોલરશીપ આપવામાં આવે છે. આજ રીતે ધો. ૧ થી ૮ માં ગ્રાન્ટેડ સરકારી સ્કુલોમાં અભ્યાસ કર્યા બાદ આ પરીક્ષા આપ્યા પછી પણ સરકારી કે ગ્રાન્ટેડ સ્કુલમાં જ ધો. ૯ અને ૧૦ માં પ્રવેશ મેળવે તો તેમને વાર્ષિક ૫ હજાર અને ધો. ૧૧ અને ૧૨ માં વાર્ષિક ૭ હજાર રૂપીયાની સ્કોલરશીપ આપવામાં આવે છે. આ સ્કોલરશીપ માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા અલગથી પરીક્ષાનુ આયોજન કરવામાં આવે છે. તારીખ ૫ એપ્રિલના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષામાં વધુને વધુ વિદ્યાર્થીઓ બેસી શકે તે માટે તારીખ ૫ મી ફેબ્રુઆરી થી લઈને ૧૬ મી ફેબ્રુઆરી સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની સુચના આપવામાં આવી છે. આમ સમગ્ર સ્કોલરશીપ ની ગણતરી કરવામાં આવે તો વિદ્યાર્થી ખાનગી સ્કુલમાં ધો. ૯ થી ૧૨ સુધીનો અભ્યાસ કરે તો તેને રૂપીયા ૯૪ હજાર જેટલી સ્કોલરશીપ આપવામાં આવતી હોય છે. આમ આ યોજના સરકારી અને ગ્રાન્ટેડ સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાથે સાથે ખાનગી સ્કુલોમાં રાઈટ ટુ એજયુકેશન એટલે કે આરટીઈ હેઠળ પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓ માટે લાગુ કરવામાં આવી છે. આ પરીક્ષાના પરીણામના આધારે કુલ ૨૫ હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે પસંદ કરવામાં આવશે. આ સ્કોલરશીપ પરીક્ષાની સાથે સાથે ગત વર્ષની જેમ ૨૦૨૬-૨૭ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાના જ મેરીટના આધારે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૯ માં પ્રવેશ ફાળવવામાં આવશે. આ સિવાય ખાનગી શાળામાં ધો. ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી આ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને મેરીટના આધારે ફકત રક્ષા શકિત સ્કુલમાં ખાલી પડેલી ૬૫ જગ્યાઓ પર ધો. ૯ માં પ્રવેશ આપવામાં આવશે.

### મારૂ ગામ દારૂ મુકત, મારો સમાજ દારૂ મુકત ના સુત્ર સાથે ગેનીબેને આહવાન કર્યુ

# સાંસદ ગેનીબેન ઠાકોરે દારૂના દુષણને જડમુળ થી ઉખેડવા માટે સાંસદો, મંત્રીઓ અને ધારાસભ્યોને લખ્યો ખુલ્લો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે દારૂના દુષણને જડમુળથી ઉખેડવા માટે ઠાકોર અને કોળી પટેલ સમાજના તમામ ધારાસભ્યો, મંત્રીઓ અને સાંસદોને પત્ર લખીને એક મોટી ઝુંબેશની હાંકલ કરી છે.

પત્રમાં ગંભીર ચિંતા વ્યકત કરતા જણાવ્યુ છે કે દારૂ કોઈ સમાજની ઓળખ નથી. પરંતુ તે સમાજના પાયાને ખોખલો કરી આર્થિક કંગાળપણુ અને સામાજિક અપમાન તરફ ધકેલે છે. મારૂ ગામ દારૂ મુકત, મારો સમાજ દારૂ મુકત ના સુત્ર સાથે ગેનીબેને આહવાન કર્યુ છે કે હવે માતા બહેનોના સપનાઓને આંસુ માં ઓગળતા બચાવવાનો અને યુવા પ્રતિભાવોને નશાના અંધકારમાંથી બહાર કાઢવાનો સમય આવી ગયો છે. તેમણે સૌને એક જુથ થઈ નશો છોડી પરીવારને બચાવવા અને બાળકોને શિક્ષણ આપવાની પ્રતિજ્ઞા લેવા અપીલ કરી છે.



# દિકરીઓને હવે એસટી બસમાં શાળાએ મોકલવી પણ સુરક્ષિત નથી: એસટી ડ્રાઈવરની કરતુત થી અરવલ્લી જિલ્લામાં મચ્યો ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

શાળા એ જતી અને એસટી બસમાં મુસાફરી કરતી દિકરીઓ પણ હવે સલામત રહી નથી. શાળાએ જતી દિકરીઓ માટે હવે ચિંતાનો સમય આવ્યો છે અને દિકરીઓ સુરક્ષિત ન હોય તેવો વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો અરવલ્લી જિલ્લાના ભિલોડા પંથકમાં બનવા પામ્યો છે. જયાં અભ્યાસ માટે એસટી બસમાં રોજે રોજ મુસાફરી કરી શાળાએ જતી સગીર વયની વિદ્યાર્થીની પર એસટી ડ્રાઈવરે જ શારીરિક શોષણ કર્યુ હોવાની માહિતી મળી આવી છે. શાળામાં ભણવા જતી સગીરાને પ્રેમજાળમાં ફસાવીને ભોગ બનાવી આ કુકર્મને અંજામ આપ્યો હોવાનુ બહાર આવ્યુ છે.




અરવલ્લી જિલ્લાના ભિલોડા પંથકમાં શિક્ષણજગત અને સમાજને લજવતો કિસ્સો બહાર આવ્યો છે. ભિલોડા એસટી ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા વિજયભાઈ રમેશભાઈ ગામેતી નામના શખ્સ વિરૂધ્ધ ગંભીર આરોપો લાગ્યા છે. પોલીસ ચોપડે નોંધાયેલી ફરીયાદ મુજબ ભોગ બનનાર ૧૬ વર્ષીય સગીરા રોજે રોજ બસમાં શાળાએ આવતી જતી હતી. જે સગીરા પર આરોપી ડ્રાઈવર વિજય ગામેતીએ નજર બગાડી હતી. આ નરાધમ ડ્રાઈવરે સગીરા સાથે સારી સારી વાતો કરી પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં લગ્નની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યુ હતું અને સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હોવાનુ તથા જઘન્ય જાતિય હુમલો કર્યો હોવાનો પોલીસ ચોપડે નોંધાયેલી ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ આ મામલે સગીરાની માતાએ ભિલોડા પોલીસ મથકે એસટી ડ્રાઈવર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી છે.

ભિલોડા પોલીસે આરોપી એસટી ડ્રાઈવર વિજય ગામેતી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા બીએનએસ ૨૦૨૩ ની કલમ ૬૪ (બાળાત્કાર ), કલમ-૮૭ (લગ્નની લાલચે અપહરણ) તેમજ ૧૩૭ (વાલી ની સંમતિ વિના સગીર / અસ્થિર મગજની વ્યકિત ને લઈ જવુ) તેમજ પોકસો એકટ હેઠળની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરત જિલ્લાના માંડવી તાલુકાની તડકેશ્વર ગામની પાણીની ટાંકીમાં ૧૦૦ ટકા કૌભાંડ: રીપોર્ટમાં ભાંડો ફુટયો

### સુરત જિલ્લાના માંડવી તાલુકાની તડકેશ્વર ગામની ૨૧ કરોડના કામમાં માત્ર ૩૦ ટકા સિમેન્ટ વપરાયાનો ઘટસ્ફોટ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે બનેલી પાણીની ટાંકી ધરાશાયી થવાની ઘટના હવે ભ્રષ્ટાચારના સૌથી મોટા પુરાવા તરીકે બહાર આવી છે. ૨૧ કરોડ રૂપીયાના ખર્ચે બનાવાયેલી આ ટાંકી ૧૯ જાન્યુઆરીએ અડધી ભરાતા જ તુટી પડી હતી. આ ગંભીર દુર્ઘટનાની તપાસમાં દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ એસયુએનઆઈટી અને જીઈઆરઆઈ દ્વારા તૈયાર કરાયેલા લેબોરેટરી રીપોર્ટોએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે.



બંને સંસ્થાઓના રીપોર્ટ અનુસાર ટાંકીના બાંધકામમાંથી લેવામાં આવેલા તમામ ૧૩ સેમ્પલ નિર્ધારીત ધોરણોમાં નિષ્ફળ સાબિત થયા છે. એમ ૩૦ ગ્રેડ હોવુ જોઈએ તેવા કોક્રિટમાં જરૂરી મજબુતીનો અભાવ જોવા મળ્યો છે. તપાસમાં બહાર આવ્યુ છે કે ટાંકીના પાયાના બાંધકામમાં માત્ર ૩૦ ટકા જેટલો સિમેન્ટ વપરાયો છે. જે સરકારી બાંધકામની ગંભીર બેદરકારી દર્શાવે છે. જીઈઆરઆઈ દ્વારા તપાસવામાં આવેલા ૭ સેમ્પલમાં કોક્રિટની મજબુતી ૩૦ ની જગ્યાએ માત્ર ૧૫ આસપાસ નોંધાઈ છે. આથી બાંધકામમાં વપરાયેલુ મટીરીયલ લગભગ ૪૫ થી ૫૦ ટકા નબળુ હોવાનુ સાબીત થયુ છે. ખાસ કરીને પાયાના ભાગમાંથી લેવાયેલા એસ-૪ અને એસ-૭ સેમ્પલમાં લક્ષ્યાંક સામે ૭૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. જે ટાંકી તુટી પડવાનુ મુખ્ય કારણ બન્યુ છે.

એસયુએનઆઈટી દ્વારા તપાસવામાં આવેલા ૬ સેમ્પલમાં પણ ગંભીર ખામીઓ મળી આવી છે. અનેક સેમ્પલમાં કોક્રિટની મજબુતી ૬૦ ટકા કરતા ઓછી હોવાનુ નોંધાયુ છે. જે પાણીની ટાંકી જેવા મહત્વના માળખા માટે અત્યંત જોખમી ગણાય છે. આ તમામ આંકડા સ્પષ્ટ કરે છે કે બાંધકામ દરમિયાન ગુણવત્તા સાથે ગંભીર સમજુતી કરવામાં આવી હતી. રીપોર્ટમાં એ પણ બહાર આવ્યુ છે કે ટાંકીમાં વપરાયેલુ સ્ટીલ ગુણવત્તામાં યોગ્ય હતુ પરંતુ નબળા કોક્રિટના કારણે સ્ટીલને જરૂરી પકકડ મળી ન હતી. પરીણામે પાણી ભરાતા જ આખુ માળખુ ભાર સહન કરી શકયુ નહી અને ધરાશાયી થઈ ગયુ, હાલમાં સ્ટ્રકચરલ એન્જીનીયરીંગ સંબંધીત રીપોર્ટ રજુ થયો છે. જયારે જમીનની સ્થિતિ અંગે સોઈલ ટેસ્ટ ચાલી રહ્યો છે. આ રીપોર્ટ બાદ અંતિમ તારણ આપવામાં આવશે , જો કે હાલના ખુલાસાઓએ સરકારી બાંધકામમાં થયેલા આયોજનબધ્ધ ભ્રષ્ટાચાર તરફ સીધો સંકેત આપ્યો છે. આ બંને સંસ્થાઓના રીપોર્ટ હવે પોલીસ અને ઉચ્ચ અધિકારીઓને સોંપવામાં આવ્યા છે. સુત્રો ના કહેવા પ્રમાણે કોન્ટ્રાકટર, દેખરેખ રાખનાર એન્જીનીયર અને મટીરીયલ સપ્લાય કરનાર વિરૂધ્ધ કડક કાર્યવાહી થવાની શકયતા છે. તડકેશ્વર પાણીની ટાંકીનો કેસ હવે સમગ્ર સુરત શહેરમાં ભ્રષ્ટાચાર નુ પ્રતિક બની ગયુ છે.

### દબાણો પર ફરશે બુલડોઝર

# આસારામ આશ્રમની ૪૫,૦૦૦ ચો.મી. જમીન પરત લેવા હાઈકોર્ટની લીલી ઝંડી

### ગુજરાત હાઈકોર્ટે આસારામના અમદાવાદમાં આવેલા આશ્રમની જમીન ગુજરાત સરકારને પરત સોંપવાનો આદેશ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

લંપટ ગુરુ આસારામને વધુ એક ઝટકો મળ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આસારામના અમદાવાદમાં આવેલા આશ્રમની જમીન ગુજરાત સરકારને પરત સોંપવાનો આદેશ કર્યો છે. આ સાથે જ શહેરની ૪૫ હજાર ચોરસ મીટર જેટલી જમીન પર બનેલો આસારામનો શાહી મહેલ તૂટી જશે.

ગુજરાતના અમદાવાદમાં ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ સરકાર દ્વારા આરંભી દેવાઈ છે. આ માટે સરકારે સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવની જાહેરાત કરી હતી. જેમાં ઓલિમ્પિક વિલેજ અને અન્ય રમતગમતની સુવિધાઓ પણ બનાવવામાં આવશે. આ બધું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે લગભગ ૬૫૦ એકર જમીન પર બનાવવામાં આવશે. ત્યારે આ સ્થળ પર પહેલેથી જ બનાવાયેલ આસારામ આશ્રમની જમીન સંપાદનની પ્રક્રિયા ચાલી રહી હતી. ત્યારે હવે અમદાવાદમાં આવેલા આસારામ આશ્રમ પર ટૂંક સમયમાં બુલડોઝર ફરશે.

કારણ કે, ગુજરાત હાઈકોર્ટે આસારામ આશ્રમની જમીન પરત કરવા રાજ્ય સરકારના નિર્ણયને સમર્થન આપ્યું છે. ગુજરાત હાઈકોર્ટના જજ વૈભવી ડી. નાણાવટીએ ૫ ફેબ્રુઆરીએ આપેલો આ ચુકાદો મહિના લાંબી વિસ્તૃત દલીલો બાદ કરવામાં આવ્યો છે. જેથી હવે આસારામ આશ્રમની જમીનની માલિકી કાયદેસર રીતે સરકારને પરત મળશે. આ સાથે જ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે ૫૦૦ કરોડની જમીન પર આસારામ આશ્રમ બનેલો છે. જે તૂટવાથી ૪૫૦૦૦ ચોરસ મીટરથી વધુ જમીન છુટી થશે. આ જમીન ગુજરાત સરકારને પરત મળશે, જે અગાઉ ગુજરાત સરકાર દ્વારા આસારામ આશ્રમને આપવામાં આવી હતી. સાબરમતી વિસ્તારમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બાજુમાં આવેલો આ આશ્રમ રાજ્ય સરકારની માલિકીની જમીન પર બનેલો છે. ત્યારે થોડા સમય અગાઉ કોર્પોરેશને આસારામ આશ્રમને નોટિસ ફટકારી છે. ૫૦૦ કરોડ રૂપિયાની અંદાજિત કિંમતની જમીન પર ૩૨ જેટલા ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવા માટે છસ્ઝ દ્વારા નોટિસ આપવામાં આવી હતી. ૨૧ જાન્યુઆરીના રોજ છસ્ઝ દ્વારા ઈમ્પેકટ ફીની અરજીને નામંજૂર કરવામાં આવ્યા બાદ, કેસને એપ્લેટ ઓથોરિટી સમક્ષ ઝડપી નિકાલ લાવવા સૂચના આપવામાં આવી હતી. છસ્ઝની લીગલ કમિટીએ ઝડપથી નિકાલ લાવવા માટે વકીલની નિમણૂંક કરી હતી.

# અમદાવાદમાં ૧૨૩ વર્ષ જુના સ્લોટર હાઉસ મુદ્દે ભાજપ કોંગ્રેસ આમને સામને આવી ગયા : આખરે દરખાસ્ત રદ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ મહાનગર પાલિકાના કમિશ્નર બંછાનીધી પાનીએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂપીયા ૧૭૦૧૮ કરોડના ડ્રાફટ બજેટની જાહેરાત કરી હતી. જેમાં રૂપીયા ૩૨ કરોડના ખર્ચે જમાલપુર વિસ્તારમાં આવેલા સ્લોટર હાઉસને શીફટ કરી શહેરના બહારના વિસ્તારમાં લઈ જવા જોગવાઈ કરી હતી. પરંતુ કમિશ્નર દ્વારા કરાયેલી જોગવાઈનો ભાજપના ધારાસભ્ય અમિત શાહ દ્વારા વિરોધ નોંધાવ્યો હતો. અને પત્ર લખી માંગણી કરી હતી કે કમિશ્નર દ્વારા જાહેર કરાયેલી જોગવાઈ પરત લેવામાં આવે અથવા સુધારા સાથે રજુ થનાર સ્ટેન્ડીંગ કમિટીના બજેટમાં આ નિર્ણય પડતો મુકવાની રજુઆત કરાઈ હતી.




નવા સ્લોટર હાઉસ માટે ડ્રાફટ બજેટમાં કમિશ્નર દ્વારા રૂપીયા ૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી, જેના વિરોધમાં એલીસબ્રીજના ભાજપના ધારાસભ્ય અમિત શાહે જણાવ્યુ હતુ કે બજેટમાં કરાયેલી જોગવાઈ અસહ્ય છે. કમિશ્નર દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના દબાણમાં આવી આ નિર્ણય કર્યો છે. ભાજપની વિચારધારા વિરૂધ્ધ આ જોગવાઈ કરાઈ છે. મને વિશ્વાસ છે કે પાર્ટી આ અંગે યોગ્ય નિર્ણય કરશે. તો બીજી તરફ કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ હતુ કે સ્લોટર હાઉસ મુદ્દે વારંવાર સંકલનની બેઠકમાં કમિશ્નર સમક્ષ રજુઆત કરી હતી. વર્તમાન જે સ્લોટર હાઉસ આવેલ છે તે ૧૨૩ વર્ષ પહેલા બનેલ છે. જે સ્લોટર હાઉસને અહીથી ખસેડવા માટે હાઈકોર્ટમાં એએમસી દ્વારા એફીડેવીટ કરી છે. વર્તમાન હયાત સ્લોટર હાઉસમાં કોઈ નિયમનુ પાલન થતુ નથી. જેથી શહેરના બહારના વિસ્તારમાં સ્લોટર હાઉસ શીફટ કરવા સુચન કર્યુ હતું. ભગવાન જગન્નાથ મંદિર અને ગીતા મંદિરની વચ્ચે આ સ્લોટર હાઉસ આવેલ છે જેથી અહીંથી શીફટ કરવા રજુઆત કરી હતી.

આખરે વિવાદ થતા સ્લોટર હાઉસ ના શીફટ નો નિર્ણય હાલ મોકુફ રખાયો છે. કમિશ્નર દ્વારા ડ્રાફટ બજેટમાં રજુ કરાયેલ નિર્ણય પરત કર્યો હતો. તેમજ સુધારા સાથે રજુ થનાર બજેટમાં આ દરખાસ્ત સત્તાધારી પક્ષ દુર કરશે, અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં ૧૯૦૩ માં એક કતલખાનુ બનાવ્યુ હતું. ૧૨૩ વર્ષ જુના આ કતલખાના પછી બીજા કોઈ કતલખાના અમદાવાદ શહેરમાં બનાવવામાં આવ્યા ન હતા. જેના કારણે ઘણા સમયથી નવા કતલખાના બનાવવાની માંગ ઉઠી હતી. પરંતુ સ્લોટર હાઉસ મુદ્દે રાજનીતી થતા આખરે કતલખાના શીફટીગનો નિર્ણય મોકુફ રખાયો છે. એએમસી તરફથી મળેલી માહિતી મુજબ શહેરના વચ્ચે આવેલા જમાલપુર સ્લોટર હાઉસને દુર કરવા પાછળનો મુખ્ય ઉદેશ તેને અહીંથી શીફટ કરી શહેરના બહારના વિસ્તારમાં લઈ જવાનો હતો.

### બજેટમાં કરાયેલા દરખાસ્ત વિરોધને કારણે પાછી ખેંચાઈ

# અમદાવાદમાં હવે નહિ બને નવું કતલખાનું!

### એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે જોગવાઈનો વિરોધ કર્યો હતો, આ વિરોધને પગલે જોગવાઈને પરત લેવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં આખરે કતલખાનાની દરખાસ્ત પરત ખેંચી લેવાઈ છે. ભાજપના જૈન ધારાસભ્ય અને પૂર્વ મેયરે આ અંગે વિરોધ દર્શાવ્યો હતો. ૩૨ કરોડના ખર્ચે જૂનું કતલખાનું બંધ કરી નવું બનાવવાની યોજના હતી. પરંતું વિરોધને પગલે હવે અમદાવાદમાં કતલખાનાની દરખાસ્ત પરત લેવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદ મહાનગરપાલિકાના ડ્રાફ્ટ બજેટમાં હયાત કતલખાનાને અપગ્રેડ કરવાની દરખાસ્તનો મૂકવામાં આવી છે.

અમદાવાદના મ્યુન્સિપલ કમિશનર બંછાનિધી પાનીએ ડ્રાફ્ટ બજેટમાં મૂકેલી દરખાસ્ત પરત ખેંચી છે. એલિસબ્રિજ ભાજપ ધારાસભ્ય અમિત શાહના વિરોધ બાદ આ વિવાદ ઉઠ્યો હતો. ત્યારે ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં મ્યુનિસિપલ કમિશનરે દરખાસ્ત પરત ખેંચી હોવાનું સ્વીકાર્યું છે. ગઈકાલે રજૂ કરાયેલા ડ્રાફ્ટ બજેટમાં કતલખાનાના આધુનિકીકરણ માટે રૂ ૩૨ કરોડની જોગવાઈ કરાઈ હતી.

એએમસીના નવા બજેટમાં જમાલપુર ખાતે આવેલ કતલખાનું ખસેડવાની જોગવાઈ કરવામાં આવી હતી. ભાજપના ધારાસભ્ય અમિત શાહના વિરોધ બાદ હ્રદ્ધષ્ઠ કમિશ્નરે આ નિર્ણય લીધો છે. કમિશનરે પોતે કરેલી જોગવાઈ હાલ પૂરતી રદ કરી દેવાઈ છે. જોગવાઈ રદ કરતા કતલખાનું ખસેડવાની પ્રક્રિયા હવે નહીં થાય. અમદાવાદના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા જગન્નાથ મંદિર અને ગીતામંદિર વચ્ચે આવેલ કતલખાનું ધાર્મિક સ્થળ પાસે હોવાથી અને સ્વચ્છતા ન જળવાતા અને આગામી દિવસોને ધ્યાને રાખીને ખસેડવાની માંગ કરી હતી. આ સાથે જ મધ્ય ઝોનમાં કોઈપણ પાર્ટી પ્લોટ કે કોમ્યુનિટી હોલ ન હોવાથી હાલની જગ્યા ઉપર કતલખાનું ખસેડી ત્યાં પાર્ટી પ્લોટ બનાવવા માંગ કરાઈ હતી. જોકે ભાજપના ધારાસભ્યના વિરોધ બાદ હ્રદ્ધષ્ઠએ પોતાનો નિર્ણય ફેરવી હાલ જે જગ્યા પર કતલખાનું છે ત્યાં જ યથાવત રાખવા નિર્ણય કર્યો છે. અમિત શાહના વિરોધ સામે કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પ્રતિક્રીયા આપતા કહ્યું કે, અમિત શાહની રજુઆત તેમની વ્યક્તિગત હોઈ શકે છે. અમે જગન્નાથ મંદિર અને ગીતા મંદિર જેવા ધાર્મિક સ્થળ જોઈ તેની વચ્ચે આવેલ કતલખાના ખસેડવા માંગ કરી હતી. અમે બીજા કતલખાના બનાવવા કોઈ માંગ નથી કરી. હાલ સ્લોટર હાઉસ છે તે બંધ કરી ખસેડી આધુનિક બનાવી હાલના સ્થળે પાર્ટી પ્લોટ કે કોમ્યુનિટી હોલ બનાવવા માંગ હતી. મધ્યઝોનમાં ક્યાંય પાર્ટી પ્લોટ કે કોમ્યુનીટી હોલ નથી માટે તે બનાવવા માંગ કરી હતી. આ જ રીતે ભદ્ર મંદિર પાસે આવેલ મચ્છી માર્કેટ નવું બને અથવા અન્ય સ્થળે આધુનિક બને તેવી માંગ કરી છે. કોમનવેલ્થ ગેમ પહેલા સ્વચ્છતા અને આગામી સુવિધાને ધ્યાને રાખી ડેવલપમેન્ટ થાય તે જરૂરી છે.

# દેલવાડીયા દંપતી ડિજિટલ અરેસ્ટ કેસમાં વધુ એકની ધરપકડ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસે ડિજિટલ અરેસ્ટ અને ઓનલાઈન છેતરપિંડીના કેસમાં મધ્યપ્રદેશના દેવાસ જિલ્લાના રહેવાસી ૨૨ વર્ષીય દેવાંશ ઉર્ફે કાનો જોષીની ધરપકડ કરવામાં આવી છે. દેવાંશ બી.સી.એ. ત્રીજા વર્ષનો વિદ્યાર્થી હોવાનું સામે આવ્યું છે. અગાઉ આ કેસમાં પોલીસ દ્વારા ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. વિગતે વાત કરીએ તો, અગાઉ રાજકોટ સેશન્સ કોર્ટમાં આસિસ્ટન્ટ ક્લાર્ક તરીકે ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત આસિસ્ટન્ટ ક્લાર્ક દિનેશ દેલવાડીયા (ઉંમર ૬૯)એ રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગત ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સાઈબર ક્રાઈમની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, કેટલાક અજાણ્યા શખ્સોએ વોટ્સએપના માધ્યમથી તેમનો સંપર્ક કર્યો હતો અને પોતે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાની ઓળખ આપી મની લોન્ડરિંગ અને ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૪૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા. ફરિયાદ મુજબ, આરોપીઓએ દિનેશ દેલવાડીયા સહિત તેમની પત્નીને પણ ૪૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા અને તા. ૧૦ જુલાઈથી ૩૧ જુલાઈ ૨૦૨૫ વચ્ચે અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ ૮૮ લાખ રૂપિયાથી વધુની રકમ બળજબરીપૂર્વક ટ્રાન્સફર કરાવી હતી. ઉપરાંત ગોલ્ડ લોનમાંથી મળેલા આશરે ૨૭ લાખ રૂપિયા પણ આરોપીઓને ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

આ સાઈબર ક્રાઈમની ફરિયાદ મળતા જ રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસે બીએનએસની કલમ ૩૦૮ (૬) ખંડણી **(Extortion),** ૩૫૧(૨) (ગુનાહિત ધાકધમકી), ૩૧૯(૨) (છેતરપિંડી), ૨૦૪ (સરકારી અધિકારીનો ઢોંગ કરવો), ૩૧૮(૪) તેમજ આઈટી એક્ટની કલમ ૬૬ ડી મુજબ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી અને જુદા જુદા બેંક એકાઉન્ટ તપાસ શરૂ કરી હતી.

આ કેસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, આ ગુનામાં દસ જેટલા અલગ અલગ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાંથી એક એકાઉન્ટ દેવાંશ ઉર્ફે કાનો જોષીનું હોવાનું બહાર આવ્યું હતું. દેલવાડીયાના ખાતામાંથી આઠ લાખ રૂપિયા સીધા દેવાંશના ખાતામાં જમા થયા હતા. જેથી પોલીસે તેમની તાત્કાલિક ધરપકડ કરી હતી અને બાદમાં તેની પૂછપરછમાં તેના એકાઉન્ટમાં જમા થયેલ ફરિયાદી દિનેશ દેલવાડીયાના ૮ લાખ રૂપિયા જેટલી રકમ બદલ તેને આશરે દોઢ લાખ રૂપિયાનું કમિશન મળ્યું હતું.

આ મામલે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના એસીપી ચિંતન પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, દેવાંશે પોતાનું બેંક એકાઉન્ટ ખોલીને તેની કીટ પોતાના સંબંધી કેતન જોષીને આપી હતી. જેથી હાલ કેતન જોષીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ તપાસ દરમિયાન દેવાંશના બેંક એકાઉન્ટ સામે **NCRP** પોર્ટલ પર અગાઉથી જ ૨૧ ફરિયાદ નોંધાઈ ચૂકી હોવાની વિગતો સામે આવી છે.

વધુમાં એસીપી ચિંતન પટેલે કહ્યું કે, પ્રાથમિક પૂછપરછમાં દેવાંશે જણાવ્યું છે કે તે અભ્યાસ સાથે ખાનગી નોકરી કરતો હતો, પરંતુ નોકરી છૂટી જતા આર્થિક મુશ્કેલી ઊભી થઈ હતી. ત્યારબાદ સંબંધીએ બેંક એકાઉન્ટ ભાડે આપવાથી કમિશન મળવાની લાલચ આપતા તેણે પોતાનું એકાઉન્ટ ઉપયોગ માટે આપ્યું હતું. ત્યારે હવે દેવાંશને ગુરુવારે કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. ઉપરાંત આ કેસમાં અગાઉ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેથી આગામી તપાસમાં આ કેસમાં વધુ ધરપકડ થવાની શક્યતા છે.